Volume : 12
Issue : 188
Dt.: 06-11-2026
FRIDAY
Page:04
Rs.00.50 paisa
AHMEDABAD EDITION

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
(Published Daily From Ahmedabad)

Editor : HETALBEN J. GAJJAR | Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

અમિત શાહનો રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર

રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે, SIR પર ચર્ચા કરે

હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા



હરિયાણા, વિપક્ષ દ્વારા સતત SIRની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ રાહુલ ગાંધીના નેતૃત્વમાં INDIA બ્લોકની રેલી પણ દિલ્હીમાં યોજાઈ હતી. વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ત્યારે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના કરનાલથી રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર આપ્યો છે. તેમણે કહ્યું કે જો રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે અને મતદાર યાદીના સુધારણા એટલે કે SIR (Special Intensive Revision) મુદ્દે ચર્ચા કરે. એટલું જ નહીં, અમિત શાહે કહ્યું કે સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવા પણ તૈયાર છે. તેમણે રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માંગ કરવા પણ કહ્યું છે. હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીને ચર્ચા માટે પડકારી રહ્યા છે, પરંતુ જો તેઓ ખરેખર ચર્ચા કરવા માંગતા હોય તો તેમણે આગળ આવવું જોઈએ. અમિત શાહે રાહુલ ગાંધીને સીધો સંદેશ આપતાં કહ્યું હતું કે, તમે મોદીજીને ચર્ચા માટે પડકારી રહ્યા છો. જો ખરેખર ચર્ચા કરવી હોય તો તેમને એક પત્ર લખો. અમે સંસદનું વિશેષ સત્ર બોલાવીને આ મુદ્દે ચર્ચા કરવા તૈયાર છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર SIR મુદ્દે સંસદમાં ઉઠાવવામાં આવતા દરેક સવાલનો જવાબ આપવા તૈયાર છે. SIRને લઈને છેલ્લા કેટલાક સમયથી રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. વિપક્ષ દ્વારા ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો મતદાર યાદીના પુનઃનિરીક્ષણની પ્રક્રિયા સામે વાંધો વ્યક્ત કરી રહ્યા છે. ૧ નવેમ્બરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં દિલ્હીના રામલીલા મેદાનમાં વિપક્ષ દ્વારા મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં SIR સહિતના મુદ્દાઓને લઈને સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હવે અમિત શાહે સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવીને કોંગ્રેસને સીધો પડકાર આપ્યો છે. અમિત શાહે પોતાના સંબોધનમાં કોંગ્રેસની ચૂંટણીની કામગીરી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે દેશની જનતાએ સતત ત્રીજી વખત નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા છે. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીઓમાં પણ કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો છે. હરિયાણાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં અમિત શાહે દાવો કર્યો હતો કે મતગણતરીના શરૂઆતના પાંચ તબક્કા બાદ જ કોંગ્રેસને પોતાની સ્થિતિનો અંદાજ આવી ગયો હતો. તેમ છતાં પાર્ટીને સત્તામાં પાછા ફરવાની આશા હતી. તેમણે કહ્યું કે હરિયાણાની જનતાએ સતત ત્રીજી વખત ભાજપને તક આપી અને નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા. ગૃહમંત્રી અમિત શાહે પોતાના ભાષણમાં મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર અને આસામની ચૂંટણીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે સતત ચૂંટણીમાં મળતી હારને કારણે રાહુલ ગાંધી પરેશાન છે અને હવે પોતાની હારનો દોષ ચૂંટણી પંચ તથા મતદાર યાદીના જીંઈ પર ઢોળી રહ્યા છે. અમિત શાહે કોંગ્રેસને સલાહ આપતાં કહ્યું કે આક્ષેપો કરવાને બદલે લોકશાહી પ્રક્રિયા અને SIR જેવા મુદ્દાઓ પર સંસદમાં આવીને ચર્ચા કરવી જોઈએ. હવે આ મુદ્દે રાહુલ ગાંધી શું જવાબ આપે છે અને સરકાર ખરેખર વિશેષ સંસદ સત્ર બોલાવે છે કે નહીં તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

૨૩ વર્ષની ઐતિહાસિક સફરનો અંત

દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની આંતરરાષ્ટ્રીય ફૂટબોલને અલવિદા

પોર્ટુગલની નંબર-૭ જર્સી હવે નવી પેઢીને સોંપશે; ૨૩૪ આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૪૬ ગોલ સાથે વિદાય

નવી દિલ્હી, વિશ્વ ફૂટબોલના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરીને કરોડો ચાહકોને ભાવુક કરી દીધા છે. પોર્ટુગલના આ મહાન ખેલાડીએ ગુરુવારે સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ મારફતે પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સાથે જ પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમ સાથે જોડાયેલી તેમની ૨૩ વર્ષ લાંબી યાદગાર સફરનો અંત આવ્યો છે. ૪૧ વર્ષીય રોનાલ્ડો હવે પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમ તરફથી રમતા જોવા નહીં મળે. ઓગસ્ટ ૨૦૦૩માં પોર્ટુગલ માટે આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરનાર રોનાલ્ડોએ દેશ માટે કુલ ૨૩૪ મેચ રમીને ૧૪૬ ગોલ ફટકાર્યા છે. પુરુષ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ મેચ રમવાનો અને સૌથી વધુ ગોલ કરવાનો વિશ્વવિક્રમ તેમના નામે છે. છ ફિફા વર્લ્ડ કપમાં ભાગ લેનારા રોનાલ્ડોએ વર્લ્ડ કપમાં કુલ ૨૭ મેચ રમીને ૧૧ ગોલ નોંધાવ્યા હતા. નિવૃત્તિની જાહેરાત કરતાં રોનાલ્ડોએ ભાવુક સંદેશમાં જણાવ્યું હતું કે હવે પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમની નંબર-૭ જર્સી પરત કરવાનો સમય આવી ગયો છે. છેલ્લા ૨૩ વર્ષથી આ જર્સી પહેરવી અને વિશ્વભરના સ્ટેડિયમોમાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરવું તેમના માટે ગૌરવની બાબત રહી છે. તેમણે કહ્યું કે આ જર્સી માત્ર તેમની જ નહોતી, પરંતુ હવે તેને ભવિષ્યની પેઢીને સોંપવાનો સમય આવી ગયો છે. રોનાલ્ડોની આગેવાનીમાં પોર્ટુગલે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં મોટી સફળતાઓ મેળવી હતી. વર્ષ ૨૦૧૬માં પોર્ટુગલે પ્રથમ વખત યુરોપિયન ચેમ્પિયનશિપ એટલે કે યુરો કપનો ખિતાબ જીત્યો હતો. ત્યારબાદ ૨૦૧૯ અને ૨૦૨૫માં ઈલ્છ નેશન્સ લીગની ટ્રોફી પણ પોતાના નામે કરી હતી. આ ત્રણેય સફળતાઓમાં રોનાલ્ડોનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. તાજેતરના સમયમાં પોર્ટુગલના કોચ જોર્જે જિસસ સાથે રોનાલ્ડોના સંબંધોમાં તણાવ સર્જાયો હતો. નેશન્સ લીગની એક મેચમાં મેદાન પર ઉતારવામાં ન આવતાં રોનાલ્ડો ટીમના કેમ્પમાંથી બહાર નીકળી ગયા હતા. આ ઘટનાને પગલે પોર્ટુગલ ફૂટબોલ ફેડરેશન દ્વારા તેમના પર દંડ અને ૩૦ દિવસનો પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. જોકે, નિવૃત્તિની જાહેરાતમાં તેમણે આ વિવાદને સીધું કારણ ગણાવ્યું નથી. રોનાલ્ડોએ પોતાની લાંબી કારકિર્દીમાં અનેક વ્યક્તિગત અને ટીમ ખિતાબ જીત્યા, પરંતુ ફિફા વર્લ્ડ કપની ટ્રોફી જીતવાનું તેમનું સપનું અધૂરું રહી ગયું.

ઘટનામાં બે વ્યક્તિનાં મોત

દિલ્હીના ચાવડી બજારમાં ત્રણ માળની ઈમારત ધરાશાયી

નવી દિલ્હી, દેશની રાજધાની દિલ્હીના ચાવડી બજાર વિસ્તારમાં આજે સવારે ત્રણ માળની નિર્માણાધીન ઈમારત અચાનક ધરાશાયી થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં બે લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે, જ્યારે અનેક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ, પોલીસ અને બચાવ ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને યુદ્ધના ધોરણે રાહત તથા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ચાવડી બજાર મેટ્રો સ્ટેશનની સામે આવેલી ત્રણ માળની નિર્માણાધીન ઈમારત આજે સવારે આશરે ૯:૫૦ વાગ્યે અચાનક ધરાશાયી થઈ હતી. ઈમારત ધરાશાયી થતાં આસપાસના વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઊડી હતી અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. દુર્ઘટનાને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ઈમારત ધરાશાયી થતાં અનેક લોકો દટાયા હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં બે લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ સામે આવ્યા છે. એક ઈજાગ્રસ્ત વ્યક્તિને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બચાવકર્મીઓ કાટમાળ હટાવી અંદર ફસાયેલા લોકોને શોધી બહાર કાઢવાના પ્રયાસો કરી રહ્યા છે. ઘટનાસ્થળે ફાયર વિભાગની પાંચ ગાડીઓ સહિત બચાવ ટીમો તૈનાત કરવામાં આવી છે. જોકે, ચાવડી બજાર વિસ્તારના સાંકડા રસ્તાઓ અને દિવાળીના તહેવારને કારણે વધેલી ભીડના પગલે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. તેમ છતાં કાટમાળ નીચે ફસાયેલા લોકોને ઝડપથી સુરક્ષિત બહાર કાઢવા માટે સતત કામગીરી ચાલી રહી છે. હાલમાં બચાવ કામગીરી પ્રાથમિકતાના ધોરણે ચાલી રહી છે. કાટમાળ નીચે કેટલા લોકો ફસાયેલા છે તેની ચોક્કસ માહિતી હજુ સામે આવી નથી. ઈમારત ધરાશાયી થવાનું ચોક્કસ કારણ પણ તપાસ બાદ જ જાણી શકાશે. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ ફેલાયો છે.

હવે બેઠકોની વિગતો પણ જાહેર થશે

ચૂંટણી પંચના કામકાજમાં મોટો બદલાવ કરવામાં આવ્યો

અધિકારીઓના વિદેશ પ્રવાસ માટે પૂર્વમંજૂરી ફરજિયાત; SIR પ્રક્રિયાના ઓનલાઈન ફોર્મ-૬માંથી Annexure-D અલગ કરાયું

નવી દિલ્હી, ચૂંટણી પંચ (ECI) દ્વારા પોતાના આંતરિક કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ હવે ચૂંટણી પંચની બેઠકોના એજન્ડા અગાઉથી જાહેર કરવામાં આવશે, જ્યારે બેઠકોમાં થયેલી ચર્ચા અને લેવાયેલા નિર્ણયોની વિગતો એટલે કે મિનિટ્સ પણ જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત પંચના અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં મંજૂરી લેવી પડશે. બીજી તરફ, મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન ફોર્મ-૬માં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચની કામગીરીમાં પારદર્શિતા લાવવાના હેતુથી હવે બેઠકોનો એજન્ડા અગાઉથી જાહેર કરવાની સાથે બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ અને કયા નિર્ણયો લેવામાં આવ્યા તેની વિગતો પણ જાહેર કરવામાં આવશે. અત્યાર સુધી આ પ્રકારની માહિતી જાહેર કરવાની નિયમિત વ્યવસ્થા નહોતી. નવા નિર્ણયથી ચૂંટણી પંચની કામગીરી અંગે લોકો વધુ સ્પષ્ટ માહિતી મેળવી શકશે. નવા નિયમો અનુસાર ચૂંટણી પંચમાં કાર્યરત અધિકારીઓએ વિદેશ પ્રવાસે જતાં પહેલાં પંચની પૂર્વમંજૂરી મેળવવી પડશે. આ ઉપરાંત કોઈ પણ નવા IT મોડ્યુલને સીધું પંચ સમક્ષ રજૂ કરી શકાશે નહીં. સૌપ્રથમ સંબંધિત અધિકારીઓની કમિટી તેની તપાસ કરશે અને મંજૂરી આપ્યા બાદ જ તેને ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવશે. ચૂંટણી પંચે મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયામાં પણ મહત્ત્વનો ફેરફાર કર્યો છે. ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા અંતર્ગત નવા મતદારો માટેના ઓનલાઈન ફોર્મ-૬માંથી વધારાનું ડિક્લેરેશન એટલે કે Annexure-D અલગ કરવામાં આવ્યું છે. હવે ઓનલાઈન ફોર્મ-૬ ભરતી વખતે આ ડિક્લેરેશનનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે નહીં. તેના બદલે ડિક્લેરેશન માટે અલગથી ફોર્મ જાહેર કરવામાં આવ્યું છે. આ ફેરફારનો મુખ્ય હેતુ નવા મતદારોને નોંધણી પ્રક્રિયા દરમિયાન પડતી વધારાની મુશ્કેલીઓ ઘટાડવાનો અને ફોર્મ ભરવાની પ્રક્રિયા સરળ બનાવવાનો છે. ચૂંટણી પંચના આંતરિક કામકાજમાં આ ફેરફારો અંગે ૨૬ સપ્ટેમ્બરે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તેમજ ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીની હાજરીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો મંજૂર કરવામાં આવ્યા હતા.

સુરક્ષા એજન્સી હાઈ એલર્ટ પર

અયોધ્યા, કાશી, મથુરાના મંદિરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની મળી ધમકી

ફરી વખત પંજાબી ગાયક દિલજીત દોસાંજના કાર્યક્રમોમાં પણ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી છે

નવી દિલ્હી, દિવાળી સમયે ઉત્તર પ્રદેશના જે મુખ્ય મંદિરોમાં લોકોની ભીડ સૌથી વધુ જોવા મળે છે તેવા મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. દિવાળીના દિવસે એટલે કે ૮ નવેમ્બરે મથુરા, અયોધ્યા, કાશીના પ્રમુખ મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ઈમેલ દ્વારા આપવામાં આવી છે. આ ધમકી પછી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે અને મંદિરોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. જાણવા મળતી માહિતી અનુસાર અયોધ્યા, મથુરા, કાશી સહિતના ઉત્તર પ્રદેશના મુખ્ય ધાર્મિક સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી એક ઈમેલ દ્વારા આપવામાં આવી છે. આ ઈમેલમાં લખવામાં આવ્યું છે કે ૮ નવેમ્બર થી ૨૭ નવેમ્બર વચ્ચે બ્લાસ્ટ કરવામાં આવશે. સાથે જ ઈમેલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દિવાળીના દિવસે એટલે કે ૮ નવેમ્બરે સવારે ૯ થી ૧૧ વચ્ચે મંદિરમાં બ્લાસ્ટ કરવામાં આવશે. ઉત્તર પ્રદેશના પ્રમુખ મંદિરો સાથે સ્કૂલને પણ ધમકી ભર્યા ઈ-મેલ મોકલવામાં આવ્યા છે. આ સાથે જ ફરી એક વખત પંજાબી ગાયક દિલજીત દોસાંજના કાર્યક્રમોમાં પણ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશના મંદિરો, સ્કૂલો અને દિલજીતના કાર્યક્રમમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી ભર્યો ઈમેલ કથિત રીતે ખાલીસ્તાન નેશનલ આર્મી આતંકી સંગઠન તરફથી મોકલવામાં આવ્યો હોય તેવો દાવો કરવામાં આવ્યો છે. જોકે આ વાતની હજુ સુધી પુષ્ટિ થઈ નથી સુરક્ષા એજન્સીઓ ઈમેલની ચકાસણી કરવાની સાથે જ ઈમેલમાં કરવામાં આવેલા દાવા મામલે પણ તપાસ શરૂ કરી ચૂકી છે. ધમકી ભર્યો ઈમેલ કોણે મોકલ્યો અને ક્યાંથી મોકલ્યો તે અંગેની તપાસ સાયબર સેલ અને યુપી એટીએસએ શરૂ કરી દીધી છે. એક તરફ સાયબર સેલ દ્વારા ધમકી ભર્યા ઈમેલ ની તપાસ કરવામાં આવી રહી છે તો બીજી તરફ જે જગ્યાનો ઉલ્લેખ ઈમેલમાં કરવામાં આવ્યો છે તેની સુરક્ષા અને સતર્કતા વધારી દેવામાં આવી છે. અલગ અલગ સ્થળોએ પોલીસ તપાસ પણ તેજ કરી દેવામાં આવી છે. હાલ તો સુરક્ષા એજન્સી તપાસ કરી રહી છે કે ધમકી પાછળ ખરેખર કોઈ આતંકી નેટવર્કનો હાથ છે કે પછી દિવાળીના સમયે લોકોમાં ભય ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ધમકી ભર્યો ઈમેલ મળ્યા પછી મથુરામાં રેલવે સ્ટેશનથી લઈને મુખ્ય મંદિર, વૃંદાવનના બાંકે બિહારી મંદિરમાં, અયોધ્યામાં અને કાશીના મંદિરોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. આ તમામ જગ્યાએ પોલીસે ચેકિંગ અભિયાન પણ શરૂ કર્યું છે.

બે બાળકોની નીતિ પર સુપ્રીમ કોર્ટની નજર

ચૂંટણી લડવા માટે 'બે બાળકોની નીતિ' રદ થશે?

નવી દિલ્હી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારોની લાયકાતને લઈને સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક અવલોકન કર્યું છે. દેશના સર્વોચ્ચ ન્યાયાલયે એવા કાયદાઓની પ્રસ્તુતતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે, જે બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારોને સ્થાનિક સ્વરાજ્યની (પંચાયત કે નગરપાલિકા) ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે બદલાતી વસ્તી વિષયક સ્થિતિ અને ભારતમાં ઘટી રહેલા પ્રજનન દરને ધ્યાનમાં રાખતાં આવા કાયદાઓ પાછળનો મૂળ તર્ક હવે અપ્રસ્તુત થઈ ગયો છે.કઠોર વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે, "ભારતમાં પ્રજનન દરમાં સતત થઈ રહેલા ઘટાડા અને બદલાતા વસ્તી વિષયક સમીકરણોને જોતાં, બેથી વધુ બાળકો હોવાને કારણે વ્યક્તિઓને અયોગ્ય ઠેરવતા આવા કાયદાઓ પર પુનર્વિચાર કરવાની તાતી જરૂરિયાત છે."આ અવલોકનને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે 2003ના જાવેદ વિરુદ્ધ હરિયાણા રાજ્ય કેસને એક મોટી બેંચ સમક્ષ મોકલી આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, 2003માં ત્રણ ન્યાયાધીશોની બેંચે હરિયાણા પંચાયતી રાજ અધિનિયમ, 1994 ની બંધારણીય માન્યતાને યથાવત રાખી હતી, જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની ખંડપીઠે આ મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતાં કાકોડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મંગલા ભીમરાવ પર લાદવામાં આવેલી અયોગ્યતાને પણ રદ કરી દીધી છે. મંગલા ભીમરાવને તેમના ત્રીજા બાળકના જન્મ બાદ મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ, 1959 ની કલમ 14(1)(j-1) હેઠળ ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના 1959ના આ કાયદામાં 13 સપ્ટેમ્બર, 2000ના રોજ એક સુધારા દ્વારા બેથી વધુ બાળકો ધરાવનાર ઉમેદવાર માટે અયોગ્યતાનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસને મોટી બેંચ સમક્ષ મોકલવાના નિર્ણયથી દેશના અનેક રાજ્યોના પંચાયતી રાજ કાયદાઓ પર વ્યાપક અસર પડી શકે છે.

સમીક્ષા માટે બનાવશે ખાસ કમિટી

UGCના નવા નિયમો મુદ્દે કેન્દ્ર સરકારનો સુપ્રીમ કોર્ટમાં યુ-ટર્ન

સરકારે કોર્ટને જણાવ્યું છે કે નવા નિયમોની સમીક્ષા અને પુનર્વિચારણા કરવા માટે વિશેષ સમિતિની રચના કરાશે

નવી દિલ્હી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના ૨૦૨૬ના નવા નિયમોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં મોટું નિવેદન આપ્યું છે. સરકારે કોર્ટને જણાવ્યું છે કે નવા નિયમોની સમીક્ષા અને પુનર્વિચારણા કરવા માટે વિશેષ સમિતિની રચના કરવામાં આવશે. સરકારના આ નિર્ણયને UGCના વિવાદાસ્પદ નિયમો મામલે મહત્વપૂર્ણ વળાંક માનવામાં આવી રહ્યો છે. ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે સરકાર તમામ વિદ્યાર્થીઓનાં હિતોનું ધ્યાન રાખવા માંગે છે. કોઈપણ વિદ્યાર્થી કે સમુદાયને અન્યાય ન થાય અને કોઈ પોતાને અસુરક્ષિત ન અનુભવે તે માટે નવા નિયમોના તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે મહત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે કોઈપણ નિયમ બનાવતી વખતે તમામ વર્ગના વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ થવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશની યુવા પેઢીનું કલ્યાણ સર્વોપરી છે. કોઈપણ સમુદાયને અલગ-થલગ કે ભયભીત હોવાની લાગણી ન થવી જોઈએ. આ માટે સરકાર યોગ્ય અને મજબૂત પગલાં ભરે તે જરૂરી છે. ઉલ્લેખનીય છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિગત ભેદભાવ રોકવા માટે UGC દ્વારા નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે, આ નિયમોની કેટલીક જોગવાઈઓ સામે સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. જાન્યુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ નિયમોની કેટલીક જોગવાઈઓ અસ્પષ્ટ હોવાનું અને તેના દુરુપયોગની શક્યતા હોવાનું નોંધ્યું હતું. ત્યારબાદ કોર્ટે નવા નિયમોના અમલ પર વચગાળાનો સ્ટે મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશ મુજબ નવા નિયમો પર રોક હોવાથી હાલ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઝ્રના વર્ષ ૨૦૧૨ના જૂના નિયમો અમલમાં રહેશે. હવે કેન્દ્ર સરકાર દ્વારા રચાનારી વિશેષ સમિતિ નવા નિયમોની સમીક્ષા કરશે. ત્યારબાદ વિદ્યાર્થીઓના હિતો અને તમામ વર્ગોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને આગળનો નિર્ણય લેવામાં આવશે. આ મામલે સમિતિની ભલામણો અને સરકારના આગામી નિર્ણય પર સૌની નજર રહેશે.

તંત્રી લેખ

ટ્રમ્પની હારને ચીને ગણાવી અમેરિકાનો આંતરિક મામલો

અમેરિકાની મિડટર્મ ચૂંટણીનાં પરિણામો બાદ વૈશ્વિક રાજકારણમાં હલચલ મચી છે. ડેમોક્રેટિક પાર્ટીની જીત અને રિપબ્લિકન પાર્ટીને મળેલી પછડાટ વચ્ચે હવે ચીને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. ચીનના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકાની ચૂંટણી ત્યાંનો આંતરિક મામલો છે અને અન્ય દેશોએ તેમાં દખલ કરવી જોઈએ નહીં. ચીનના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે ચીન અમેરિકા સાથે સંવાદ અને સહયોગ જાળવી રાખવા ઇચ્છે છે. બંને દેશોએ પરસ્પર સન્માન અને સમાનતાના આધારે સંબંધોને આગળ વધારવા જોઈએ. ચીને જણાવ્યું કે અમેરિકાની આંતરિક રાજકીય પરિસ્થિતિમાં થતા ફેરફારોની અસર બંને દેશોના સંબંધો પર ન થવી જોઈએ. ચીન બંને દેશોના ટોચના નેતાઓ વચ્ચે થયેલી સમજૂતીઓનો અમલ કરવા અને દ્વિપક્ષીય સંબંધોમાં સ્થિરતા જાળવવા પ્રતિબદ્ધ છે. આ વર્ષે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બે ઉચ્ચસ્તરીય બેઠકો થઈ હોવાનો અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બંને દેશો વચ્ચે વેપાર, આર્થિક સહયોગ અને રાજદ્વારી સંબંધોને લઈને ચર્ચાઓ થઈ હતી. આગામી ૧૮ અને ૧૯ નવેમ્બરે ચીનના શેનઝેન શહેરમાં યોજાનારા **APEC** સંમેલન દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ બેઠક અંગે હજુ સત્તાવાર અંતિમ નિર્ણય જાહેર થયો નથી. અમેરિકાની ચૂંટણી બાદ ચીનનું આ નિવેદન રાજદ્વારી દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ખાસ કરીને અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર તથા વ્યૂહાત્મક મતભેદોને ધ્યાનમાં રાખતાં આગામી દિવસોમાં બંને દેશોના સંબંધો કઈ દિશામાં આગળ વધે છે તેના પર દુનિયાની નજર રહેશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓ ના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે.સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યો છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આંચકો લાગતો દેખાઈ રહ્યો છે. ઉપચૂંટણીથી તેમની સરકારને ભલે કોઈ ખતરો ન હોય, પરંતુ એક વાત તો સ્પષ્ટપણે દેખાય છે કે તેમની સરકારથી લોકો ખુશ નથી. ભારતીય મૂળના સુહાસ સુબ્રમણ્યમે પણ અહીં જીતનો પરચમ લહેરાવ્યો છે. તેમણે અમેરિકી પ્રતિનિધિ સભા ના સભ્ય તરીકે એકતરફી જીત મેળવી છે.

જમીનના વિવાદમાં પરિણીતાની ક્રૂર હત્યા

તેલંગાણામાં ૧.૫ એકર જમીન માટે સાસરિયાંઓએ મહિલાની હત્યા કરી

૨૮ વર્ષીય સુનીતાની હત્યાથી ચકચાર, સસરા સહિત ચાર આરોપીઓ ફરાર, પોલીસની શોધખોળ ચાલુ

હૈદરાબાદ,

તેલંગાણાના મહબૂબનગર જિલ્લામાંથી માનવતાને શર્મસાર કરતી અને હૃદયકંપાવી મૂકે તેવી હત્યાની ભયાનક ઘટના સામે આવી છે. મહબૂબનગર મંડલના ઓબુલાય્યાપલ્લી ગામની રહેવાસી **28** વર્ષીય સુનીતા નામની મહિલાની તેના જ સાસરિયાંઓ દ્વારા જમીન વિવાદમાં નિર્મમ રીતે ગળું વાઢીને હત્યા કરવામાં આવી છે. આ ક્રૂર હત્યાકાંડ બાદ સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને અરેરાટી વ્યાપી ગઈ છે.ઘટનાની વિગતો અનુસાર, સોમવારે બપોરે જ્યારે સુનીતા ચિન્થલ થાંડામાં આવેલા પોતાના ખેતર તરફ જઈ રહી હતી, ત્યારે તેના સસરા માણિક્યા નાઈક, દિયર માન્યા નાઈક, પાંડુ નાઈક તથા પાંડુની પત્ની પાર્વતીએ તેને રસ્તામાં જ આંતરી લીધી હતી. સાસરિયાંઓએ આવેશમાં આવીને સુનીતાના ગળામાં કપડું બાંધી તેને ઢસડીને પોતાના ઘરે લઈ ગયા હતા. ત્યાં તેના પર તીક્ષ્ણ છરી વડે હુમલો કરી તેનું માથું ધડથી અલગ કરી નાખ્યું હતું.ઘટનાની જાણ થતાં જ કોઈલકોન્ડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મહબૂબનગરની સરકારી જનરલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ભયાનક હત્યા પાછળ **1.5** એકર જમીનનો લાંબા સમયથી ચાલતો વિવાદ જવાબદાર છે. સુનીતાના લગ્ન **12** વર્ષ પહેલાં ચિન્થલ થાંડાના બલરામ સાથે થયા હતા અને તેમને બે પુત્રીઓ છે. બલરામ માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી પીડાતા હોવાથી દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા.એક વર્ષ પહેલાં ગામના વડીલોએ સમાધાન કરાવીને સુનીતા અને તેની બંને પુત્રીઓના ભવિષ્યની સુરક્ષા માટે બલરામના નામે રહેલી **1.5** એકર જમીન સુનીતાના નામે ટ્રાન્સફર કરાવી હતી. જોકે, બલરામના મોટા ભાઈઓ પાંડુ નાઈક અને માન્યા નાઈક આ નિર્ણયથી ભારે નારાજ હતા અને સતત જમીન પોતાના નામે કરવા સુનીતા પર દબાણ કરતા હતા.સાસરિયાંના અસહ્ય ત્રાસથી કંટાળીને સુનીતા પિયર જતી રહી હતી, પરંતુ થોડા સમય પહેલાં તેના માતા-પિતાએ ચિન્થલ થાંડામાં ઘર બનાવી આપતાં તે તેની પુત્રીઓ સાથે ત્યાં રહેવા આવી હતી. કોઈલકોન્ડા પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર એ. નાગરાજુએ જણાવ્યું કે, સુનીતાના પિતા વાલ્યા નાઈકની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા **(BNS)** ની કલમ **101** અને **103** હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

સરપંચની ચૂંટણીનો અનોખો મુકાબલો

ચાર વાર મતગણતરી છતાં બંને ઉમેદવારોને સરખા વોટ

બાડમેરની ગાલાબેરી ગ્રામ પંચાયતમાં ચૂંટણીનું અદ્‌ભૂત ચિત્ર; મહદૂ દેવી અને પૂનમ કુમારી બંનેને ૬૧૪-૬૧૪ મત મળ્યા

બાડમેર,

રાજસ્થાનની પંચાયત ચૂંટણીમાં એક અત્યંત રોચક અને અનોખો મુકાબલો જોવા મળ્યો છે, જ્યાં જીત અને હારનો ફેસલો ન તો વોટના કોઈ અંતરથી થયો કે ન તો પુનઃ ગણતરીથી. બાડમેરની ગ્રામીણ પંચાયત સમિતિ અંતર્ગત આવતી ગાલાબેરી ગ્રામ પંચાયતમાં સરપંચ પદ મહિલા માટે અનામત હતું, જ્યાં મહદૂ દેવી (પત્ની અચલારામ) અને પૂનમ કુમારી (પત્ની દુર્ગેશ કુમાર) વચ્ચે સીધી ટક્કર હતી. ચૂંટણી મેદાનમાં બંને ઉમેદવારોએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. મતદાન પૂર્ણ થયા બાદ જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવી ત્યારે પરિણામ આશ્ચર્યજનક આવ્યું હતું. બંને મહિલા ઉમેદવારોને સરખા એટલે કે ૬૧૪-૬૧૪ વોટ મળ્યા હતા. આ ઉપરાંત ૩ વોટ નોટા **(NOTA)** ના ખાતામાં ગયા હતા જ્યારે ૨૨ વોટ રદ (રિજેક્ટ) થયા હતા. પ્રથમ ગણતરીમાં સરખા વોટ આવ્યા બાદ કોઈ પણ પ્રકારની ભૂલની આશંકાને નકારવા માટે તંત્ર દ્વારા ફરીથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ દરેક વખતે પરિણામ સમાન જ રહ્યું હતું.

આ પ્રક્રિયા હેઠળ એક પછી એક કુલ ચાર વાર મતગણતરી કરવામાં આવી હતી, છતાં મહદૂ દેવી અને પૂનમ કુમારીના વોટની સંખ્યા દર વખતે ૬૧૪-૬૧૪ પર જ અટકી રહી હતી. ચાર વખતની મતગણતરી બાદ પણ ટાઈ ન તૂટતા આખરે ચૂંટણી અધિકારીઓએ પ્રવર્તમાન નિયમો અનુસાર લોટરી એટલે કે ચિઠ્ઠી દ્વારા વિજેતા જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. આ નસીબના ખેલમાં પૂનમ કુમારીની તરફેણમાં ફેસલો આવ્યો અને તેઓ સરપંચ તરીકે વિજયી જાહેર થયા, જ્યારે બરાબર વોટ મેળવવા છતાં મહદૂ દેવીએ હારનો સામનો કરવો પડ્યો હતો. પરિણામ સામે આવતા જ ગામમાં આ અનોખી ટક્કર ભારે ચર્ચાનો વિષય બની હતી. ઉલ્લેખનીય છે કે આ ગ્રામ પંચાયતમાં કુલ ૧૩૫૯ મતદાતાઓ હતા, જેમાંથી ૧૨૫૩ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૧૪ રાજ્યોમાં વરસાદનું એલર્ટ, દિલ્હી-યુપીમાં ઠંડીનો ચમકારો

દેશભરમાં હવામાનનો મિજાજ બદલાયો, વરસાદની આગાહી

IMDએ અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપી, ૮૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

નવી દિલ્હી,

દેશભરમાં હવામાનનો મિજાજ ફરી એકવાર પલટાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ **(IMD)** દ્વારા આગામી સમય માટે મોટું અપડેટ સામે આવ્યું છે, જેમાં દેશના **14** જેટલા રાજ્યોમાં આગામી કલાકો અને દિવસો દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. ચક્રવાતી તોફાન 'મુરાસુ'ની અસર હવે ધીમે ધીમે નબળી પડી રહી છે, તેમ છતાં વાતાવરણમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં **60** થી **80** કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે.**IMD** ની આગાહી મુજબ, દક્ષિણ અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે. તમિલનાડુ, અંદામાન અને નિકોબાર ટાપુઓ, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં હળવાથી મધ્યમ તેમજ કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.**5** થી **10** નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ખાસ કરીને **7** અને **8** નવેમ્બરે આ વિસ્તારોમાં વ્યાપક વરસાદ થવાની પ્રબળ સંભાવના છે. તટીય કર્ણાટક, કેરળ, માહે, લક્ષદ્વીપ, રાયલસીમા અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં પણ **10** નવેમ્બર સુધી વરસાદી માહોલ યથાવત રહેશે. કેરળ અને માહેમાં **6** થી **8** નવેમ્બર દરમિયાન ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.**5** થી **8** નવેમ્બર દરમિયાન દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ અને રાયલસીમામાં જમીન સપાટી પર ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. શરૂઆતમાં **40** થી **50** કિમી પ્રતિ કલાક (જે ક્યારેક **60** કિમી સુધી પહોંચી શકે) ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.**IMD** મુજબ **5**, **6** અને **7** નવેમ્બરે ઓડિશાના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે ઝારખંડમાં **5** થી **8** નવેમ્બર દરમિયાન કોઈ વિશેષ એલર્ટ નથી, પરંતુ **9-10** નવેમ્બરે વરસાદની શક્યતા દર્શાવાઈ છે. આંદામાન અને નિકોબારમાં **8** થી **10** નવેમ્બર દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હી-એનસીઆરમાં ૫ નવેમ્બરના રોજ આકાશ મોટે ભાગે સ્વચ્છ રહેવાની અપેક્ષા છે. સવારના સમયે હળવું ધુમ્મસ અથવા ઝાંખપ **(haze)** જોવા મળી શકે છે.

શેરબજારમાં દિવાળી પહેલાં તેજીનો ધમાકો

સેન્સેક્સ ૨,૦૭૨ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૪,૫૪૨ના સ્તરે બંધ

બજારમાં આવેલા આ ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. ૭.૩ લાખ કરોડનો વધારો થયો

મુંબઈ,

દિવાળીના તહેવાર પહેલાં ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. **BSE**નો સેન્સેક્સ ૨,૦૭૧.૭૮ પોઈન્ટના જંગી ઉછાળા સાથે ૭૯,૩૭૩.૧૮ના સ્તરે બંધ થયો હતો. જ્યારે ફ્રજીઈનો નિફ્ટી ૫૮૧.૬૦ પોઈન્ટ વધીને ૨૪,૫૪૨.૨૦ના સ્તરે પહોંચ્યો હતો. બજારમાં આવેલી આ તેજીને પગલે રોકાણકારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગુરુવારના કારોબાર દરમિયાન બજારમાં ચારે તરફ ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. મોટા શેરોની સાથે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તેજી નોંધાઈ હતી. બજારમાં આવેલા આ ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. ૭.૩ લાખ કરોડનો વધારો થયો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. આજના કારોબારમાં બેન્કિંગ, ફાઇનાન્સિયલ અને ઓટોમોબાઇલ સેક્ટરના શેરોમાં સારી ખરીદી જોવા મળી હતી. બજાજ ફાઇનાન્સ, શ્રીરામ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને અન્ય અગ્રણી કંપનીઓના શેરોમાં તેજી જોવા મળી હતી. આ ખરીદીએ બજારને ઉપર લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો, વૈશ્વિક બજારોમાં સકારાત્મક માહોલ અને વિદેશી રોકાણકારોની ખરીદી જેવા પરિબળોએ ભારતીય શેરબજારને ટેકો આપ્યો હતો. રોકાણકારોમાં આર્થિક પરિસ્થિતિ સુધરવાની આશાએ પણ ખરીદીનું પ્રમાણ વધાર્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી ભારતીય શેરબજારમાં ઉતાર-ચઢાવ વચ્ચે આજે નોંધાયેલી મોટી તેજીએ રોકાણકારોને રાહત આપી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં નોંધપાત્ર ઉછાળાથી બજારમાં નવી આશા જાગી છે.

POKમાં લોકો પર ડ્રોનથી હુમલો કર્યો, ૭ લોકોના મોત

પાકિસ્તાની આર્મીએ ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની સરકાર અને આર્મી **POK**ના લોકો એવા જુલમ કરી રહી છે, જાણો કોઈ દેશ પોતાના દુશ્મનો સાથે કરતો હોય. જે ગેરકાયદેસર કબજાવાળા કાશ્મીરને પાકિસ્તાન પોતાનું કહે છે, ત્યાં ફરી એક વાર લાશ પથરાયેલી જોવા મળે છે. સવારના સમયે જ્યારે લોકો પોતાના હકનો અવાજ ઉઠાવી રહ્યા હતા, ત્યારે પાકિસ્તાની રેંજર્સ, ફ્રંટિયર કોર્પ્સ અને પોલીસે મળીને તેમના પર ગોળીઓ વરસાવી દીધી અને આકાશમાંથી ડ્રોન વરસાવ્યા હતા. રસ્તા પર ચારે તરફ ચીસો સંભળાઈ રહી હતી, ગોળીઓના અવાજથી આકાશ ગુંજવા લાગ્યું અને નિર્દોશ નાગરિકોની લોહી પાણીની માફક વહેવા લાગ્યા હતા. ઘટનાની શરુઆત ગુરુવાર સવારે ખૂબ જ ખતરનાક વળાંક લઈ લીધો. સ્થાનિક લોકો અનુસાર, લગભગ ૮ વાગ્યાથી જ્યારે જોઈન્ટ આવામી એકશન કમિટીના બેનર હેઠળ રાવલકોટના શાંતિપૂર્ણ પ્રદર્શન સ્થળ પર હાજર હતા, ત્યારે પાકિસ્તાની સેના અને પોલીસે અચાનક કોઈ પણ ચેતવણી વિના કાર્યવાહી શરુ કરી દીધી. જોતજોતામાં શરુઆતી બે કલાકની અંદર જ ૭ નિર્દોષ લોકોએ દમ તોડી નાખ્યો અને ૨૩થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થઈને તરફડિયા મારવા લાગ્યા. ગોળીઓનો અવાજ એટલો વધારે હતો કે આખું રાવલકોટ શહેર થરથરવા લાગ્યું. રોડ પર લોહી વહેવા લાગ્યું અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા. પણ સુરક્ષા દળોની બંદૂકોના નાળચા લોકોના માથા તરફ જ હતા.

ગયા મહિને જ તેમણે ૩૦મો જન્મદિવસ ઉજવ્યો હતો

હોંગકોંગના લોકશાહી સમર્થક કાર્યકર જોસુઆ વોંગને વધુ ૧૦ વર્ષની જેલની સજા

વિદેશી શક્તિઓ સાથે સાંઠગાંઠના આરોપમાં કોર્ટનો નિર્ણય, માનવાધિકાર સંગઠનોએ સજાની ટીકા કરી

હોંગકોંગ,

હોંગકોંગના જાણીતા લોકશાહી સમર્થક કાર્યકરોમાંના એક જોસુઆ વોંગને ગુરુવારે વિદેશી શક્તિઓ સાથે સાંઠગાંઠ કરવાના આરોપમાં વધુ **10** વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા એક પ્રેસ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, "કોર્ટે જોસુઆ વોંગને અંતિમ સજા તરીકે **10** વર્ષની કેદ ફટકારી છે."ચીનના આ ક્ષેત્રમાં મોટા પાયે થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા બનેલા વોંગ અગાઉથી જ લગભગ છ વર્ષ જેલમાં વિતાવી ચૂક્યા છે. ગયા મહિને જ તેમણે **30**મો જન્મદિવસ ઉજવ્યો હતો.બેઈજિંગ દ્વારા લાદવામાં આવેલા રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ 'રાજદ્રોહ' ના આરોપમાં ચાર વર્ષ અને આઠ મહિનાની સજા ભોગવ્યા બાદ તેમને જાન્યુઆરીમાં મુક્ત કરવામાં આવે તેવી અપેક્ષા હતી.જોકે, હોંગકોંગના સત્તાધીશોએ જૂન **2025**માં આ જ કાયદા હેઠળ વોંગ વિરુદ્ધ ફરીથી કેસ દાખલ કર્યો હતો. તેમના પર હોંગકોંગ અને ચીન વિરુદ્ધ પ્રતિબંધો લાદવા માટે અન્ય દેશો અને સંસ્થાઓને અપીલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સપ્ટેમ્બરમાં વોંગે પોતાનો ગુનો કબૂલ કર્યો હતો.ગુરુવારે સવારે વોંગ વાદળી શર્ટ અને કાળા ચશ્મા પહેરીને કોર્ટમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેઓ શાંત દેખાઈ રહ્યા હતા. તેમણે પોતાના સમર્થકો તરફ માથું હલાવીને અભિવાદન કર્યું હતું અને કોર્ટમાં હાજર લોકો તેમજ પત્રકારો તરફ નજર કરી હતી.સજા સંભળાવ્યા બાદ વોંગે પોતાના સમર્થકોનો આભાર માન્યો હતો અને હાથ હલાવીને તેમનું અભિવાદન કર્યું હતું. આ દરમિયાન સમર્થકોને કહેતા સાંભળવામાં આવ્યા હતા કે, "અમે તમારી મુક્તિની રાહ જોઈશું."સુનાવણી માટે ડઝનબંધ લોકો કોર્ટની બહાર લાઈનમાં ઊભા રહ્યા હતા. બીજી તરફ, પોલીસ દ્વારા કોર્ટની બહાર ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.લંડનની **SOAS** યુનિવર્સિટીની ચાઈના ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર સ્ટીવ ત્સાંગે **AFP** સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, "બેઈજિંગે જોસુઆને **2019**ના ખુલ્લા બળવાના મુખ્ય નેતાઓમાંના એક તરીકે ઓળખ્યા છે, જોકે વોંગ સૌથી મધ્યમ વિચારધારા ધરાવતા નેતાઓમાંના એક હતા. આથી તેમને ઉદાહરણરૂપ સજા કરવામાં આવશે."સજા જાહેર થાય તે પહેલા ત્સાંગે ઉમેર્યું હતું કે, વોંગને ફટકારવામાં આવેલી સજા એ દર્શાવશે કે બેઈજિંગ હોંગકોંગ પર પોતાની પકડ મજબૂત રાખી રહ્યું છે અને **2019** પહેલાના વધુ ઉદાર દિવસો તરફ પાછા ફરવાની કોઈ શક્યતા નથી.માનવાધિકાર સંગઠનોએ વોંગ વિરુદ્ધના સાંઠગાંઠના આરોપોની ટીકા કરી છે. તેમના મતે, સત્તાધીશોનો હેતુ વોંગને લાંબા સમય સુધી જેલમાં રાખવાનો છે.જોસુઆ વોંગ **2014**માં હોંગકોંગમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન ચર્ચામાં આવ્યા હતા. આ પ્રદર્શનને 'અંબ્રેલા મૂવમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે. **2017**થી તેઓ વિરોધ પ્રદર્શનો સંબંધિત કેસોને કારણે વારંવાર જેલમાં જતા રહ્યા છે.સત્તાધીશોના જણાવ્યા અનુસાર, વોંગે **2016**માં જ આંતરરાષ્ટ્રીય સ્તરે લોબિંગ શરૂ કર્યું હતું. તે સમયે તેમણે 'હોંગકોંગ હ્યુમન રાઈટ્સ એન્ડ ડેમોક્રેસી એક્ટ' નામના કાયદાને સમર્થન આપ્યું હતું. આ કાયદા હેઠળ અમેરિકાના રાષ્ટ્રપતિને હોંગકોંગમાં માનવાધિકારના ઉલ્લંઘનના જવાબમાં પ્રતિબંધો લાદવાની સત્તા મળવાની હતી.હોંગકોંગના જાણીતા લોકશાહી સમર્થક કાર્યકરોમાંના એક જોસુઆ વોંગને ગુરુવારે વિદેશી શક્તિઓ સાથે સાંઠગાંઠ કરવાના આરોપમાં વધુ **10** વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

કેરેન બાસને હરાવી બન્યા શહેરના પ્રથમ એશિયન મેયર

લોસ એન્જલસમાં ભારતીય મૂળની નિત્યા રમણનો ઐતિહાસિક વિજય

વોશિંગ્ટન,

અમેરિકાના બીજા સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર લોસ એન્જલસમાં ભારતીય મૂળની નિત્યા રમને મેયરપદની ચૂંટણીમાં વર્તમાન મેયર કેરેન બાસને હરાવીને એક મોટી અને ઐતિહાસિક રાજકીય જીત મેળવી છે. વર્ષ ૧૯૮૧માં કેરળમાં જન્મેલા નિત્યા રમણ માત્ર ૬ વર્ષની ઉંમરે અમેરિકા સ્થળાંતર કરી ગયા હતા, અને હવે તેઓ અમેરિકાના રાજકારણમાં ભારતીય મૂળના વધુ એક અગ્રણી ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. અગાઉ તેઓ વર્ષ ૨૦૨૦માં પ્રથમ વખત લોસ એન્જલસ સિટી કાઉન્સિલમાં ચૂંટાઈ આવ્યા હતા.

આ ચૂંટણી પ્રચાર દરમિયાન જાહેર સુરક્ષા, સસ્તાં મકાનોનું નિર્માણ અને ઘરવિહોણા (બેઘર) લોકોની સમસ્યાના ઉકેલ જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યા હતા. વર્તમાન મેયર કેરેન બાસને રાજકીય સ્થાપિત વર્ગનું સમર્થન મળ્યું હતું, જ્યારે નિત્યા રમણને ડેમોક્રેટિક સોશિયલિસ્ટ્સ ઑફ અમેરિકા અને પરિવહન ક્ષેત્રના સંગઠનોનો ટેકો સાંપડ્યો હતો. વર્ષ ૨૦૨૫માં પેલિસેડ્સ વિસ્તારમાં લાગેલી ભીષણ આગ અને તે સમયે બાસની ગેરહાજરી તથા તેમની નીતિઓની ટીકાઓ વચ્ચે નિત્યા રમને લોસ એન્જલસમાં રસ્તાઓ પર રહેતા ઘરવિહોણા લોકોની સંખ્યા જૂન ૨૦૨૮ સુધીમાં અડધી કરવાનો અને પ્રથમ કાર્યકાળમાં આ સમસ્યા સંપૂર્ણપણે દૂર કરવાનો મોટો વાયદો કર્યો હતો. ચૂંટણીની રાત્રે ગ્રીક થિયેટર પ્લાઝા ખાતે પોતાના સમર્થકોને સંબોધતા નિત્યા રમને શાંતિ જાળવવા અને અંતિમ પરિણામોની ધીરજપૂર્વક રાહ જોવાની અપીલ કરી હતી. આ ચૂંટણીમાં બાસ અને રમણ વચ્ચેની ટક્કર પેઢીગત અને રાજકીય પરિવર્તનની લડાઈમાં ફેરવાઈ ગઈ હતી, જેમાં મતદારોએ પરિવર્તનના પક્ષમાં મોટો જનાદેશ આપ્યો છે.

અનામત બેઠકોના રોટેશનની માગ ફગાવાઈ

'સંસદનું કામ અમે ના કરી શકીએ' : સુપ્રીમ કોર્ટ

સાત દાયકાથી કાદીપુર બેઠક અનામત હોવાની અરજી ફગાવી, નીતિ બદલવાનો અધિકાર સંસદનો ગણાવ્યો

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે લોકસભા અને વિધાનસભાની અનુસૂચિત જાતિ **(SC)** તથા અનુસૂચિત જનજાતિ **(ST)** માટે અનામત રાખવામાં આવેલી બેઠકો પર દરેક ચૂંટણીમાં રોટેશન (અદલાબદલી) નીતિ લાગુ કરવાની માંગણી ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની પીઠે સ્પષ્ટ કર્યું છે કે અનામત બેઠકોની નીતિ નક્કી કરવી કે તેમાં ફેરફાર કરવો એ સંસદના અધિકાર ક્ષેત્રનો વિષય છે. ન્યાયતંત્ર સંસદને આ અંગે કોઈ નવો કાયદો બનાવવાનો કે વર્તમાન કાયદામાં સુધારો કરવાનો આદેશ આપી શકે નહીં.આ સમગ્ર વિવાદ ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાની **191**-કાદીપુર વિધાનસભા બેઠક સાથે જોડાયેલો છે. આ ક્ષેત્રના મતદાતા જગદીશ સિંહે અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે આ બેઠક છેલ્લા સાત દાયકાથી સતત **SC** સમુદાય માટે અનામત રાખવામાં આવી છે. રોટેશન સિસ્ટમ ન હોવાને કારણે અન્ય વર્ગના ઉમેદવારોને ચૂંટણી લડવાનો મોકો મળતો નથી અને અનામતનો લાભ માત્ર અમુક જ પરિવારો સુધી સીમિત રહી જાય છે. તેથી પંચાયતો અને નગરપાલિકાઓની જેમ લોકસભા અને વિધાનસભામાં પણ રોટેશન નીતિ લાગુ કરવી જોઈએ.મતદાર માહિતીસુપ્રીમ કોર્ટે પરિસીમન કાયદા, **2002**ની કલમ **9(1)(c)** સામે થયેલી અરજી પર સુનાવણી કરતા અરજદારને રમૂજી અંદાજમાં કહ્યું કે તેમણે 'ખોટો નંબર જોડ્યો છે.' એટલે કે આ મામલો કોર્ટનો નથી, પરંતુ સંસદનો છે. કોર્ટે સ્પષ્ટ સલાહ આપી કે અનામત બેઠકોમાં રોટેશન નીતિ લાવવાની માંગણી અદાલતમાં નહીં, પરંતુ સંસદ અને લોકપ્રતિનિધિઓ સમક્ષ ઉઠાવવી જોઈએ. જો અરજદાર કાયદામાં કોઈ ફેરફાર ઈચ્છતા હોય તો તેમણે જનપ્રતિનિધિઓનો સંપર્ક કરીને સમર્થન મેળવવું પડશે અને સંસદ દ્વારા જ આ નીતિમાં સુધારો કરાવવો પડશે.કોર્ટે સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે બંધારણના અનુચ્છેદ **330** અને **332** અથવા પરિસીમન કાયદામાં રોટેશનની કોઈ અનિવાર્યતા નથી. મતદાન કરવાનો અધિકાર અને ચોક્કસ બેઠક પરથી જ ચૂંટણી લડવાનો દાવો – આ બંને અલગ બાબતો છે. સામાન્ય વર્ગના ઉમેદવારો પાસે બિન-અનામત બેઠકો પરથી ચૂંટણી લડવાનો વિકલ્પ ઉપલબ્ધ હોય છે. ઉપરાંત, કોર્ટે નોંધ્યું કે લોકશાહીમાં મતદારો માત્ર જાતિ કે ધર્મના આધારે જ નહીં, પરંતુ રાજકીય પક્ષો અને તેમની વિચારધારાના આધારે પણ મતદાન કરે છે.મતદાર માહિતી

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

જીત બાદ અબ્દુલનો અમેરિકાને સણસણતો સંદેશ

ટેક્સના પૈસા બોમ્બમારા માટે નહીં, બાળકોના ભવિષ્ય માટે: અબ્દુલ

મિશિગનની ચૂંટણીમાં જીત બાદ અમેરિકાની નીતિઓ પર ઉઠાવ્યા સવાલ, પેલેસ્ટિનિયન બાળકોના અધિકારોની કરી હિમાયત

વોશિંગ્ટન,

અમેરિકાના મિશિગનમાં સેનેટની ચૂંટણીમાં ડેમોક્રેટિક ઉમેદવાર અબ્દુલ અલ-સૈયદે રિપબ્લિકન ઉમેદવાર માઇક રોજર્સને હરાવી જીત નોંધાવી હતી. આ જીત સાથે તેઓ અમેરિકી સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બન્યા છે. જીત બાદ પોતાના સંબોધનમાં તેમણે અમેરિકાની રાજકીય વ્યવસ્થામાં કોર્પોરેટ કંપનીઓ અને અબજોપતિઓના પ્રભાવ સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે અમેરિકાના નાગરિકોના ટેક્સના પૈસા તેમના અને તેમનાં બાળકોના ભવિષ્ય માટે ખર્ચાવા જોઈએ, બીજા દેશોનાં બાળકો પર બોમ્બમારો કરવા માટે નહીં.અબ્દુલ અલ-સૈયદે જીત બાદ કહ્યું હતું કે અમેરિકાએ ફરીથી મહાન બનવાની જરૂર નથી, પરંતુ જે બાબતોએ તેને હંમેશાં મહાન બનાવ્યું છે તેને અપનાવવાની જરૂર છે. તેમના મતે, પોતાની ખામીઓને અવગણવાને બદલે તેને સુધારવાની હિંમત જ અમેરિકાની સાચી તાકાત છે. તેમણે એવી કોર્પોરેટ કંપનીઓ અને અબજોપતિઓના ખાસ હિતોને પડકારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમણે વ્યવસ્થાને પોતાના પક્ષમાં કરી લીધી છે.ઇઝરાયલની ટીકા અંગે અલ-સૈયદે કહ્યું કે પેલેસ્ટિનિયન બાળકોને તેમના પૂર્વજોની જમીન પર જીવના જોખમ વિના મોટા થવાનો અધિકાર હોવો જોઈએ અને તેના માટે અમેરિકાના ટેક્સના પૈસા વપરાવા ન જોઈએ એવું માનવું નફરત નથી. તમામ લોકો માટે શાંતિ, સન્માન અને આત્મનિર્ણયના સમાન અધિકારોની માગ કરવી એ નફરત નહીં, પરંતુ પ્રેમ છે. તેમણે મિશિગનના લોકોને અપીલ કરી હતી કે તેમના ટેક્સના પૈસા અમેરિકાના નાગરિકો અને તેમનાં બાળકો પાછળ ખર્ચાવા જોઈએ.અબ્દુલ અલ-સૈયદે સામાન્ય અમેરિકી પરિવારોની રોજિંદી મુશ્કેલીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સવાલ કર્યો કે દુનિયાના સૌથી અમીર અને શક્તિશાળી દેશમાં લોકોને રાશન ખરીદવા, કારમાં પેટ્રોલ ભરાવવા, ઘર ખરીદવા અને ડૉક્ટર પાસે જવા માટે આટલી મુશ્કેલી કેમ પડે છે? તેમણે કહ્યું કે નાગરિકો ટેક્સ ભરે અને તેમનાં નાણાં તેમના તથા તેમનાં બાળકોના હિતમાં વપરાય છે કે નહીં તે જાણવું મુશ્કેલ ન હોવું જોઈએ. આ નાણાં બીજા દેશોનાં બાળકો પર બોમ્બમારો કરવા માટે વપરાવાં ન જોઈએ.ઈજીઅસ મૂળના અમેરિકી ડૉક્ટર અને નેતા અબ્દુલ અલ-સૈયદને ચૂંટણી પ્રચાર દરમિયાન ઈસ્લામોફોબિક હુમલાઓનો સામનો કરવો પડ્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અનેક વખત તેમને નિશાન બનાવ્યા હતા. ટ્રમ્પે તેમને 'જિહાદી' કહ્યા હતા. મિશિગનમાં યોજાયેલી એક ચૂંટણી રેલીમાં ટ્રમ્પે એવો કટાક્ષ પણ કર્યો હતો કે સેનેટમાં જતા પહેલાં અબ્દુલ એકમાત્ર એવા સેનેટર હશે જેમણે મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું પડશે. અબ્દુલને પોતાની પાર્ટીની અંદરથી પણ વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ઓગસ્ટમાં મિશિગનની ડેમોક્રેટિક સેનેટ પ્રાઇમરીમાં તેમની સામે હારેલી હેલી સ્ટીવન્સે પાર્ટીના ઉમેદવારને ટેકો આપવાને બદલે રિપબ્લિકન ઉમેદવાર માઇક રોજર્સનું સમર્થન કર્યું હતું. આમ છતાં અબ્દુલ અલ-સૈયદે કડક મુકાબલા બાદ મેળવી હતી.જીત બાદ પોતાના સંબોધનમાં તેમણે અમેરિકાની રાજકીય વ્યવસ્થામાં કોર્પોરેટ કંપનીઓ અને અબજોપતિઓના પ્રભાવ સામે સવાલ ઉઠાવ્યા હતા.અબ્દુલ અલ-સૈયદે જીત બાદ કહ્યું હતું કે અમેરિકાએ ફરીથી મહાન બનવાની જરૂર નથી, પરંતુ જે બાબતોએ તેને હંમેશાં મહાન બનાવ્યું છે તેને અપનાવવાની જરૂર છે.



બે પિતરાઈ ભાઈનાં ઘટનાસ્થળે જ કરુણ મોત

રાજસ્થાનના નાગૌરમાં ફટાકડાના ગોડાઉનમાં ભીષણ વિસ્ફોટ થયો

ધડાકાથી ગોડાઉનની છત ઊડી, ૧૦૦ ફૂટ દૂર ઊભેલી બસના કાચ તૂટ્યા; શોર્ટ સર્કિટથી વિસ્ફોટ થયાની આશંકા

નાગૌર (રાજસ્થાન),

રાજસ્થાનના નાગૌર જિલ્લાના બડલી વિસ્તારમાં ગુરુવારે સવારે ફટાકડાના ગોડાઉનમાં થયેલા ભીષણ વિસ્ફોટે સમગ્ર વિસ્તારમાં ભારે દહેશત ફેલાવી દીધી હતી. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉનની છત ઊડી ગઈ હતી અને આસપાસનાં મકાનોની દીવાલોમાં તિરાડો પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં બે યુવકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. બંને મૃતકો પિતરાઈ ભાઈ હોવાનું અને નાગૌર શહેરના બાજરવાડા વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો દોડી આવી હતી. પ્રાથમિક તપાસમાં ગોડાઉનના ખુલ્લા આંગણામાં આવેલા વીજળીના થાંભલા અથવા વીજતારમાં શોર્ટ સર્કિટ થવાથી નીકળેલી તણખી ફટાકડાના સંપર્કમાં આવતાં વિસ્ફોટ થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. નાગૌરના સીઓ જતિન જૈનના જણાવ્યા અનુસાર, પોલીસ તમામ પાસાંની તપાસ કરી રહી છે. વિસ્ફોટની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઘટનાસ્થળથી આશરે ૧૦૦ ફૂટ દૂર ઊભેલી બસના કાચ પણ તૂટી ગયા હતા. આસપાસનાં મકાનોની દીવાલોમાં તિરાડો પડી હતી, જ્યારે ગોડાઉનની છતનાં પાટિયાં પણ તૂટી પડ્યાં હતાં. જોરદાર ધડાકાનો અવાજ દૂર સુધી સંભળાતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમને સ્થળ પર બોલાવવામાં આવી હતી. ટીમે ગોડાઉનમાંથી વિવિધ કેમિકલ અને પોટેશિયમ નાઇટ્રેટના નમૂના એકત્ર કર્યા હતા. વિસ્ફોટમાં બંને યુવકોનાં મોત થયાં હતાં અને તેમના મૃતદેહના અવશેષો દૂર સુધી ફંગોળાયા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જે.એલ.એન. હોસ્પિટલની મોર્ચરીમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ગોડાઉનના એક ભાગમાં તૈયાર ફટાકડાનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. ગોડાઉન માલિક પાસે ફટાકડાના સંગ્રહનું કાયમી લાઇસન્સ હોવાની વાત સામે આવી છે. જોકે, લાઇસન્સ હેઠળ કેટલી માત્રામાં ફટાકડા રાખવાની મંજૂરી હતી અને વાસ્તવમાં કેટલો જથ્થો સંગ્રહિત હતો તેની તપાસ શરૂ કરવામાં આવી છે. સંગ્રહના નિયમો અને સુરક્ષાના માપદંડોનું પાલન થયું હતું કે નહીં તે પણ તપાસનો વિષય બન્યો છે. દુર્ઘટના બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. ગુરુવારે સવારે આશરે ૧૧:૧૫ વાગ્યે પોલીસે ભીડને દૂર ખસેડવાનો પ્રયાસ કરતાં કેટલાક લોકોએ પથ્થરમારો કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ મામલે પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ, વહીવટી તંત્ર અને FSLની ટીમ દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવી હતી. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ વિસ્ફોટનું ચોક્કસ કારણ, ગોડાઉનમાં સંગ્રહિત ફટાકડાનો જથ્થો અને સુરક્ષાના નિયમોના પાલન અંગેની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થશે.

મોબાઇલ ગેમની લત બની હિંસાનું કારણ

૮ વર્ષના બાળકે ૬ વર્ષની બાળકી પર કર્યો હતો હુમલો

પંચકુલા,

આરોપી બાળકના પરિવાર તરફથી કોર્ટમાં પક્ષ રજૂ કરી રહેલા વકીલ મનબીર સિંહ રાઠીના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન બાળકે એવી મોબાઇલ ગેમ રમવાની વાત સ્વીકારી હતી, જેમાં વર્ચ્યુઅલ પાત્રો પર હુમલો કરવાથી સ્કોર વધે છે. વકીલનો દાવો છે કે આવી ગેમ્સમાં સતત હુમલા કરીને વધુ પોઈન્ટ મેળવવાની પ્રવૃત્તિ બાળકોના વર્તન પર અસર કરી શકે છે. જોકે, આ હુમલા પાછળ મોબાઇલ ગેમ જ કારણ હતી તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિષ્કર્ષ સામે આવ્યો નથી. આ પહેલાં ૨ નવેમ્બરે પીડિત બાળકીના કાકા ફાજિલે પણ આરોપ લગાવ્યો હતો કે બાળક PUBG સહિતની હિંસક ગેમ્સ રમતો હતો. તેમના જણાવ્યા પ્રમાણે, તપાસ દરમિયાન પણ આવી ગેમ્સ રમવાની આદતની વિગતો સામે આવી હતી. જોકે, આ દાવાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. આરોપી બાળકના વકીલના જણાવ્યા અનુસાર, બાળકનાં માતા-પિતાને તેને મોબાઇલથી દૂર રાખવા અને નિયમિત કાઉન્સેલિંગ કરાવવા સૂચના આપવામાં આવી છે. બાળકના વર્તનમાં સુધારો આવે અને તેના માનસિક વિકાસ પર યોગ્ય ધ્યાન આપવામાં આવે તે માટે પરિવારને જવાબદારી સોંપવામાં આવી છે. આ કેસમાં ગુરુવારે આરોપી ૮ વર્ષના બાળકને જુવેનાઇલ કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. બચાવ પક્ષે દલીલ કરી હતી કે અગાઉ બાળકના હિંસક વર્તનનો કોઈ રેકોર્ડ નથી અને લાંબા સમય સુધી ઓબ્ઝર્વેશન હોમમાં રાખવાથી તેના અભ્યાસ તથા માનસિક વિકાસ પર અસર થઈ શકે છે. આ દલીલોને ધ્યાનમાં રાખીને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડે બાળકની મુક્તિ મંજૂર કરી હતી. તેના માતા-પિતાએ કાઉન્સેલિંગ અને વર્તનમાં સુધારા માટે જરૂરી જવાબદારી નિભાવવાની ખાતરી આપી હતી. આ સમગ્ર ઘટના ૨૮ ઓક્ટોબરના રોજ પંચકુલાની એક સ્કૂલમાં બની હતી. હુમલામાં બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સદનસીબે, બાળકીની તબિયતમાં સુધારો થતાં ૫ નવેમ્બરના રોજ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જુવેનાઇલ જસ્ટિસ બોર્ડે આ કેસ સાથે જોડાયેલા વીડિયો, તસવીરો અને બાળકની ઓળખ જાહેર કરી શકે તેવી સામગ્રી સોશિયલ મીડિયા તથા અન્ય જાહેર મંચો પરથી દૂર કરવાનો આદેશ આપ્યો છે.

ઈચ્છાઓ દબાવી બજેટ મુજબ કરી રહ્યા છે ખરીદી

દિવાળીની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ, પણ મોંઘવારીએ લોકોની ખરીદશક્તિ ઘટાડી

ખરીદી કરવા નીકળેલા ઘણા લોકો બજારમાં વસ્તુઓ પસંદ કરે છે, પરંતુ ભાવ સાંભળ્યા બાદ ખરીદી ટાળી રહ્યા છે

અમદાવાદ,

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદના બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને પૂર્વ અમદાવાદના બાપુનગર માર્કેટમાં ખરીદદારોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી હજારો લોકો દિવાળીની ખરીદી માટે અહીં પહોંચી રહ્યા છે. જોકે, બજારમાં દેખાતી ભીડ વચ્ચે મોંઘવારીની અસર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. લોકોની અવરજવર વધી છે, પરંતુ ખરીદશક્તિ ઘટતાં મોટાભાગના લોકો મર્યાદિત ખરીદી કરી રહ્યા છે.

બાપુનગર માર્કેટ દિવાળીની ખરીદી માટે જાણીતું છે. બપોર બાદ બજારમાં લોકોની ભારે ભીડ જામે છે અને સાંજના સમયે તો પગ મૂકવાની પણ જગ્યા રહેતી નથી. તેમ છતાં મોંઘવારીના કારણે લોકો ખરીદી કરતાં પહેલાં અનેક વખત ભાવતાલ કરી રહ્યા છે. ઘણા લોકો બજારમાં વસ્તુઓ પસંદ કરે છે, પરંતુ ભાવ સાંભળ્યા બાદ ખરીદી ટાળી રહ્યા છે. પરિણામે બજારમાં ભીડ હોવા છતાં વેપારીઓને અપેક્ષા મુજબ ઘરાકી મળી રહી નથી. મોંઘવારીની સૌથી વધુ અસર મધ્યમ વર્ગના પરિવારો પર જોવા મળી રહી છે. લોકો પોતાના માટે કપડાં, ઘરની સજાવટની વસ્તુઓ અને અન્ય ચીજવસ્તુઓ ખરીદવાનું ટાળી રહ્યા છે. જોકે, બાળકોની દિવાળી ખુશીઓથી ભરેલી રહે તે માટે માતા-પિતા મર્યાદિત બજેટમાં પણ તેમના માટે ખરીદી કરી રહ્યા છે.

ઘણા પરિવારો પોતાની ઈચ્છાઓને બાજુ પર રાખીને માત્ર જરૂરી વસ્તુઓ અને બાળકોની પસંદગીની ચીજવસ્તુઓ ખરીદવા પર ધ્યાન આપી રહ્યા છે. આમ, આ વર્ષે દિવાળીની ખરીદીમાં લોકો ખર્ચ અંગે ખાસ સાવચેતી રાખી રહ્યા છે.

બાપુનગર માર્કેટમાં ખરીદદારોની ભીડ સાથે ટ્રાફિકની સમસ્યા પણ ગંભીર બની છે. સાંજના સમયે મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર નિયંત્રિત કરવામાં આવતાં આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધી જાય છે. પાર્કિંગની પૂરતી વ્યવસ્થા ન હોવાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અંદરની ગલીઓમાં વાહનો ફસાઈ જતાં મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને પણ હાલાકી ભોગવવી પડે છે. ટ્રાફિક વ્યવસ્થાપન અને પાર્કિંગની યોગ્ય સુવિધા ઊભી કરવાની જરૂરિયાત પણ લોકો અનુભવી રહ્યા છે.

એક તરફ બજારોમાં દિવાળીની રોનક અને ખરીદદારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ મોંઘવારીના કારણે સામાન્ય પરિવારો ખર્ચમાં કાપ મૂકી રહ્યા છે. બજારમાં લોકોની ભીડ છે, પરંતુ આ ભીડનું ખરીદીમાં રૂપાંતર કેટલું થાય છે તે વેપારીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. આ વર્ષે અનેક પરિવારો માટે દિવાળીની ખરીદી ઉત્સાહ કરતાં વધુ બજેટ અને જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવવાની કવાયત બની છે. ખાસ કરીને પૂર્વ અમદાવાદના બાપુનગર માર્કેટમાં ખરીદદારોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી હજારો લોકો દિવાળીની ખરીદી માટે અહીં પહોંચી રહ્યા છે. જોકે, બજારમાં દેખાતી ભીડ વચ્ચે મોંઘવારીની અસર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે.

દિગ્વિજય સિંહના નિવેદનથી રાજકીય ગરમાવો

હિન્દુત્વ નફરત ફેલાવે છે, તેનાથી દૂર રહો : કોંગ્રેસ

સનાતન ધર્મ અને હિન્દુત્વને અલગ ગણાવ્યાં; ઉજ્જૈનથી અયોધ્યા સુધીની પદયાત્રા દરમિયાન રાઘોગઢમાં આપ્યું નિવેદન

રાઘોગઢ (મધ્યપ્રદેશ),

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહના હિન્દુત્વ અંગેના નિવેદનથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. તેમણે સનાતન ધર્મ અને હિન્દુત્વને અલગ ગણાવતાં હિન્દુત્વની વિચારધારા નફરત ફેલાવતી હોવાનો દાવો કર્યો હતો. લોકોને હિન્દુત્વથી દૂર રહેવાની સલાહ આપતાં તેમણે સનાતન ધર્મનો મૂળ સંદેશ 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર હોવાની ભાવના હોવાનું જણાવ્યું હતું.

દિગ્વિજય સિંહે આ નિવેદન તેમની 'સત્ય સનાતન સ્વાભિમાન યાત્રા' દરમિયાન મધ્યપ્રદેશના રાઘોગઢમાં સભાને સંબોધિત કરતી વખતે આપ્યું હતું. ઉજ્જૈનથી અયોધ્યા સુધી આશરે ૧,૦૦૦ કિલોમીટરની પદયાત્રા પર નીકળેલા દિગ્વિજય સિંહ યાત્રાના પ્રથમ પડાવ બાદ પોતાના વતન રાઘોગઢ પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમના પુત્ર જયવર્ધન સિંહ સહિત પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સનાતન ધર્મનો સાચો અર્થ પ્રેમ, કરુણા અને સમગ્ર વિશ્વને એક પરિવાર માનવાની ભાવનામાં રહેલો છે. સનાતન ધર્મને હિન્દુત્વ સાથે જોડીને રજૂ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. દિગ્વિજય સિંહે પોતાની પદયાત્રા પાછળના બે મુખ્ય હેતુઓનો ઉલ્લેખ કર્યો હતો. પ્રથમ હેતુ દેશમાં લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવાનો હોવાનું તેમણે જણાવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા અને ઈફરંગે સવાલ ઉઠાવતાં તેમણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના બદલે બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગ કરી હતી. આ સંદર્ભમાં તેમણે રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા મતચોરીના આક્ષેપોનો પણ ઉલ્લેખ કર્યો હતો. યાત્રાના બીજા હેતુ અંગે વાત કરતાં તેમણે ધાર્મિક સંસ્થાઓમાં પારદર્શિતા અને જવાબદારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. રામ મંદિર નિર્માણ માટે એકત્રિત કરવામાં આવેલા દાનના હિસાબ અંગે પણ તેમણે સવાલો કર્યા હતા. દિગ્વિજય સિંહે દાવો કર્યો હતો કે રામ મંદિર માટે રૂ.૧,૪૦૦ કરોડનું દાન એકત્રિત થયું હતું, જ્યારે મહંત લાલદાસે હિસાબ માગ્યો ત્યારે રૂ.૮.૨૯ કરોડનો જ હિસાબ આપવામાં આવ્યો હતો. આ આંકડાઓ અંગે તેમણે કરેલા દાવાની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.

દિગ્વિજય સિંહના આ નિવેદન બાદ સનાતન ધર્મ અને હિન્દુત્વ વચ્ચેના તફાવત અંગે રાજકીય ચર્ચા ફરી શરૂ થઈ છે. એક તરફ તેઓ સનાતન ધર્મને પ્રેમ, કરુણા અને વિશ્વબંધુત્વની ભાવના સાથે જોડે છે, તો બીજી તરફ હિન્દુત્વની વિચારધારા સામે વાંધો વ્યક્ત કરે છે. તેમની આ પદયાત્રામાં ધાર્મિક સંસ્થાઓની પારદર્શિતા, લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા જેવા મુદ્દાઓ પણ કેન્દ્રસ્થાને છે.

રાજસ્થાનમાં સર્જાયો અનોખો ઇતિહાસ

એક જ ગામની ત્રણ દીકરીઓ સરપંચ બની

સીકર,

રાજસ્થાનના સીકર જિલ્લામાં આવેલા એક નાનકડા ગામની ત્રણ દીકરીઓએ પંચાયતી રાજની ચૂંટણીમાં એકસાથે સફળતા મેળવી અનોખો ઇતિહાસ રચ્યો છે. નીમકાથાના પંચાયત સમિતિ હેઠળની બંસરી ગ્રામ પંચાયતના છાપર ગામની પૂજા વર્મા, મનીષા દેવી અને સુનીતા વર્માએ જીવનમાં પ્રથમ વખત ચૂંટણીના મેદાનમાં ઝંપલાવ્યું હતું અને ત્રણેયે મતદારોનો વિશ્વાસ જીતીને સરપંચ પદ હાંસલ કર્યું છે.

એક જ ગામની ત્રણ મહિલાઓ અલગ-અલગ ગ્રામ પંચાયતોમાં સરપંચ તરીકે ચૂંટાતાં સમગ્ર વિસ્તારમાં આ જીત ચર્ચાનો વિષય બની છે. વિશેષ બાબત એ છે કે ત્રણેય ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અનુસૂચિત જાતિ (SC) વર્ગમાંથી આવે છે. પૂજા વર્મા (૨૮ વર્ષ): બી.એ. અને બી.એડ. સુધીનો અભ્યાસ કરનાર પૂજા વર્માએ ભગેગા ગ્રામ પંચાયતમાંથી સામાન્ય મહિલા બેઠક પર ચૂંટણી લડી હતી. તેમણે ૧૮૨ મતોના અંતરથી વિજય મેળવ્યો છે. ગામમાં આધુનિક લાઇબ્રેરી, યુવાનો માટે જિમ અને ડિજિટલ સુવિધાઓ ઊભી કરવાને તેઓ પ્રાથમિકતા આપવા માગે છે.

મનીષા દેવી (૩૪ વર્ષ): ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરનાર મનીષા દેવીએ રામપુરા થોઈ ગ્રામ પંચાયતની અનુસૂચિત જાતિ માટે અનામત બેઠક પરથી ચૂંટણી જીતી છે. મહિલાઓને શિક્ષણ અને સ્વરોજગાર સાથે જોડીને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો તેમનો સંકલ્પ છે.

સુનીતા વર્મા (૩૭ વર્ષ): સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતાં સુનીતા વર્માએ બુર્જા કી ઢાણી ગ્રામ પંચાયતની અનુસૂચિત જાતિ મહિલા અનામત બેઠક પરથી વિજય મેળવ્યો છે. બાળકોના શૈક્ષણિક વિકાસને ધ્યાનમાં રાખીને પંચાયતમાં ડિજિટલ લાઇબ્રેરીનું નિર્માણ કરાવવું તેમની મુખ્ય પ્રાથમિકતા છે. એક જ ગામમાં ઉછરેલી અને પ્રથમ વખત ચૂંટણી લડેલી આ ત્રણેય મહિલાઓએ અલગ-અલગ ગ્રામ પંચાયતોમાં સરપંચ બનીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તેમની જીત માત્ર ચૂંટણીલક્ષી સફળતા નથી, પરંતુ ગ્રામ્ય સ્તરે મહિલાઓની વધતી રાજકીય ભાગીદારી અને નેતૃત્વ ક્ષમતાનું પણ ઉદાહરણ છે. શિક્ષણ, મહિલા સશક્તિકરણ, યુવાનો માટેની સુવિધાઓ અને ડિજિટલ વિકાસ જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ત્રણેય સરપંચોએ ગામડાંના વિકાસ માટે નવી આશા જગાવી છે.

પોલીસની કામગીરીને ખુલ્લી પાડતા મહત્વનો ચુકાદો

કસ્ટડી અને અરેસ્ટ વચ્ચેની ભેદરેખા સુપ્રીમ કોર્ટે ભૂંસી નાખી

હવે કોઈ વ્યક્તિને પોલીસ અટકાયત કરે તો પણ ૨૪ કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર કરવા પડશે

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આપેલા મહત્વપૂર્ણ ચુકાદામાં એવુ જણાવ્યું છે કે, કોઈ પણ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટેની ૨૪ કલાકની સમયમર્યાદા તે જ ક્ષણથી શરૂ થાય છે જ્યારે જે તે વ્યક્તિને પોલીસની કસ્ટડીમાં લેવામાં આવ્યા હોય. અટકાયત બાદ કરતી ધરપકડથી ૨૪ કલાક નહીં ગણાય. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતા ભારપૂર્વક એમ પણ જણાવ્યું હતું કે કસ્ટડી અને ધરપકડ વચ્ચે કૃત્રિમ તફાવત ઊભો કરવાનો કોઈપણ પ્રયાસ બંધારણીય રીતે અસ્વીકાર્ય છે. ન્યાયમૂર્તિ ઉજ્જ્વલ ભુયાન અને ન્યાયમૂર્તિ અતુલ એસ. ચંદુરકરની ખંડપીઠે જણાવ્યું હતું કે, ૨૪ કલાકનો સમયગાળો માત્ર ઔપચારિક ધરપકડ પછી જ શરૂ થાય છે તેવો દૃષ્ટિકોણ, બંધારણની કલમ ૨૨(૨) અને 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા' (BNSS) ની કલમ ૫૬ ની જોગવાઈઓથી વિપરીત છે. ઔપચારિક ધરપકડ પહેલાં પૂછપરછ કે તપાસમાં વિતાવેલો સમય, કુલ ૨૪ કલાકની સમયમર્યાદામાંથી બાદ કરી શકાતો નથી. કોર્ટે વધુમાં નોંધ્યું કે આવી બાદબાકી કરવી એ કલમ ૨૨(૨) ના દાયરાની બહાર ગણાશે.

કોર્ટે નિર્દેશ કર્યો કે બંધારણમાં માત્ર એક જ અપવાદની જોગવાઈ છે. ધરપકડના સ્થળેથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી પહોંચવા માટે વાજબી રીતે જરૂરી સમય. પરિણામે, એવો તર્ક કે કલમ ૨૨(૨) હેઠળનો ૨૪ કલાકનો સમયગાળો સર્ચ અને જમીની કાર્યવાહી પૂર્ણ થયા પછી અથવા ધરપકડ કરનાર અધિકારી દ્વારા નોંધવામાં આવેલા ધરપકડના સમયથી શરૂ થાય છે. તે માત્ર કાયદાકીય રીતે ખોટું જ નથી, પરંતુ સંપૂર્ણપણે ગેરબંધારણીય પણ છે. સુપ્રીમ કોર્ટે એ વિચાર સાથે અસંમતિ વ્યક્ત કરી છે કે અમુક સમય સુધી કસ્ટડીમાં રાખવામાં આવે તો તેને "ધરપકડ" ન ગણી શકાય. કોર્ટે સ્પષ્ટ કર્યું કે મૂળભૂત અધિકારોને ટૂંકા સમયગાળા માટે પણ સ્થગિત કરી શકાતા નથી. "ધરપકડ" (arrest) અને "કસ્ટડી" (custody) વચ્ચે કૃત્રિમ તફાવત ઊભો કરવો સંપૂર્ણપણે ખોટું છે." સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે "કસ્ટડી" (હિરાસત) અને "અરેસ્ટ" (ધરપકડ) વચ્ચે કૃત્રિમ ભેદ ઊભો કરવો બંધારણીય દૃષ્ટિએ ખોટું છે. સર્વોચ્ચ અદાલતે ઓડિશા હાઈકોર્ટ, કેરળ હાઈકોર્ટ અને મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાઓને રદ કર્યા છે. આ તમામ ચુકાદાઓમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે, ઔપચારિક ધરપકડ પહેલાં કસ્ટડીમાં વિતાવેલા સમયને બંધારણની કલમ ૨૨ હેઠળ નિર્ધારિત ૨૪ કલાકની મર્યાદામાંથી બાકાત રાખી શકાય છે. સર્વોચ્ચ અદાલતે ઠેરવ્યું છે કે, આ ચુકાદાઓ બંધારણની કલમ ૨૨(૨) હેઠળની કાયદાકીય સ્થિતિને સચોટ રીતે રજૂ કરતા નથી.

તહેવારની મજબૂરીનો લાભ લેવાતો હોવાનો આક્ષેપ

વતન જતાં મુસાફરો પાસેથી ત્રણ ગણું ભાડું વસૂલાતું હોવાનો આક્ષેપ

દિવાળીમાં ખાનગી લક્ઝરી બસ સંચાલકોની મનમાની સામે વરાઠા બેઠકના ધારાસભ્ય કુમાર કાનાણીનો આક્રોશ

સુરત, દિવાળીના તહેવાર દરમિયાન વતન જવા માટે નીકળેલા મુસાફરોની વધતી ભીડ વચ્ચે ખાનગી લક્ઝરી બસ સંચાલકો દ્વારા ભાડામાં મનસ્વી વધારો કરવામાં આવતો હોવાની ફરિયાદો ઊઠી છે. સામાન્ય દિવસોની સરખામણીએ તહેવારોના સમયમાં ત્રણ ગણું ભાડું વસૂલવામાં આવતું હોવાના આક્ષેપ સાથે સુરતની વરાછા બેઠકના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ આ મામલે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે સરકાર સમક્ષ ખાનગી બસોના બેફામ ભાડા વધારા પર નિયંત્રણ લાવવા અને મુસાફરોને રાહત આપવાની માગ કરી છે. દિવાળીના તહેવારમાં સુરત સહિતના શહેરોમાં વસતા મોટી સંખ્યામાં લોકો પોતાના વતન તરફ પ્રયાણ કરતા હોય છે. આ દરમિયાન ટ્રેન અને સરકારી બસોમાં મુસાફરોની ભીડ વધતાં અનેક લોકો ખાનગી લક્ઝરી બસનો વિકલ્પ પસંદ કરે છે. મુસાફરોની આ મજબૂરીનો લાભ લઈને કેટલાક ખાનગી બસ સંચાલકો સામાન્ય દિવસો કરતાં ત્રણ ગણું ભાડું વસૂલતા હોવાની ફરિયાદો સામે આવી છે.

નાગરિકો તરફથી મળેલી ફરિયાદોના આધારે ધારાસભ્ય કુમાર કાનાણીએ ખાનગી બસ સંચાલકોની ભાડા વસૂલવાની પદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, તહેવારોના સમયમાં મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાડું વસૂલવામાં આવતું હોવાથી ખાસ કરીને મધ્યમ અને સામાન્ય વર્ગના પરિવારોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કુમાર કાનાણીએ સરકારને રજૂઆત કરીને તહેવારો દરમિયાન ખાનગી લક્ઝરી બસોના મનસ્વી ભાડા વધારા પર અંકુશ મૂકવા માટે યોગ્ય પગલાં ભરવાની માગ કરી છે. મુસાફરોની જરૂરિયાત અને મજબૂરીનો લાભ લઈને કરવામાં આવતી વધારાની વસૂલાત અટકાવવા માટે અસરકારક વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત પણ તેમણે વ્યક્ત કરી છે. ધારાસભ્ય કાનાણીએ નાગરિકોને પણ શક્ય હોય ત્યાં સુધી એસટી નિગમની સરકારી બસોમાં મુસાફરી કરવાની અપીલ કરી છે. ખાનગી બસોના ઊંચા ભાડાથી બચવા અને મુસાફરીનો ખર્ચ ઘટાડવા માટે સરકારી પરિવહન સેવાનો વધુમાં વધુ ઉપયોગ કરવા તેમણે જણાવ્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન ખાનગી બસોના ભાડામાં થઈ રહેલા વધારાનો મુદ્દો હવે રાજકીય સ્તરે પણ ચર્ચામાં આવ્યો છે. ત્યારે મુસાફરોની ફરિયાદોને ધ્યાનમાં રાખીને સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા કેવાં પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

ગાંધીનગરમાં નિવૃત્ત પોલીસ અધિકારી સાથે છેતરપિંડી

ભાણિયા અને તેની પત્નીએ નિવૃત્ત PSIને ૧.૯૪ કરોડનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર, શેરબજારમાં ઊંચા નફાની લાલચ આપી સાસરી પક્ષનો ભાણિયો અને તેની પત્નીએ નિવૃત્ત PSI સાથે રૂ.1.94 કરોડની છેતરીપિંડી આચરી હોવાનો બનાવ ગાંધીનગરના સેક્ટર 7 પોલીસ મથકમાં નોંધાયો છે. તેના આધારે પોલીસે CA દંપતી સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર સેક્ટર-5બીમાં રહેતા નિવૃત્ત પીએસઆઇ શૈલેષભાઈ બચુભાઈ નાયકે સરગાસણ મેઘ મલ્હાર સોસાયટીમાં રહેતા સાસરી પક્ષના ભાણિયા જવલિન ઉર્ફે જય પ્રકાશભાઈ નાયક અને તેના પત્ની બોસ્કી સામે ફરિયાદ નોંધાવી છે. આ દંપતી CA હોવાથી પીએસઆઇનું ઇન્કમટેક્સ રિટર્ન ભરતા હતા જેથી તેઓ તેમના પરિવારની આર્થિક સ્થિતિથી સારી રીતે જાણતા હતા. વર્ષ 2024માં દંપતીએ ફોજદારના ઘરે જઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ઊંચી જગ્યાએ રોકાણ કરી ઊંચો નફો કમાઈ આપવાની વાત કરી હતી અને દાવો કર્યો હતો કે તે સાબરમતી ગેસ કંપનીમાં CA તરીકે નોકરી કરે છે અને કોન્ટ્રાક્ટરોના બિલો તેની સહીથી મંજૂર થતા હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો.ફરિયાદ મુજબ આરોપી CA દંપતીએ ફરિયાદીના નામે ડીમેટ એકાઉન્ટ ખોલી તેનો લોગિન આઈડી અને પાસવર્ડ પોતાની પાસે રાખીને ઓપરેટ કર્યું હતું. એક તબક્કે ડીમેટમાં ૨.૩૮ કરોડ રૂપિયાનો નફો બતાવી નાણાં પરત આપવાના સમયે ગલ્લા-તલ્લા કર્યા હતા. શંકા જતાં તપાસ કરતા માલૂમ પડ્યું કે આરોપીએ ઈમેલ આઈડી બદલી નાખ્યું હતું. આ ઉપરાંત, ફરિયાદીને વિશ્વાસ અપાવવા માટે એસ.બી.આઈ. બેંકના બનાવટી સિક્કા મારેલી બનાવટી ભરણા સ્લિપ મોકલી ૫ લાખ જમા કરાવ્યા હોવાનો નકલી દાવો પણ કર્યો હતો.ફરિયાદીએ પોતાના બાકી નીકળતા ૧,૩૧,૭૫,૦૦૦ પરત માગતા, CA દંપતીએ આરોપીએ પહેલા મકાનનું બાનાખત કરી આપ્યું હતું અને આપેલા બેંકના ચેક પણ સાઈન ડીફરના શેરા સાથે બાઉન્સ થયા હતા. ત્યારબાદ જ્યારે ફરિયાદીએ કડક ઉઘરાણી કરી ત્યારે આરોપી જવલિને પોતે રાજકીય સંપર્કો ધરાવે છે.

કુલ રૂ. ૩૮.૯૮ લાખનો મુદ્દામાલ જપ્ત

વાપીના વટારમાં રૂ. ૩૮.૧૮ લાખના હાઈબ્રિડ ગાંજા સાથે મોપેડચાલક ઝડપાયો

મોપેડ પર ગાંજાનો જથ્થો લઈને ડિલિવરી કરવા જઈ રહેલા હિતેશ યાદવની પોલીસે ધરપકડ કરી હતી

વાપી, વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાપીના વટાર વિસ્તારમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે કાર્યવાહી કરી રૂ. ૩૮.૧૮ લાખની કિંમતના ૧.૦૯૧ કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. મોપેડ પર ગાંજાનો જથ્થો લઈને ડિલિવરી કરવા જઈ રહેલા હિતેશ યાદવની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત મોપેડ, રોકડ રકમ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૩૮.૯૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, વલસાડ LCBના એએસઆઈ અલ્લારખુ વાનીને મળેલી બાતમીના આધારે પોલીસ ટીમે વાપીના વટાર વિસ્તારમાં કેશવ કોલોનીની વાડી સામે વોચ ગોઠવી હતી. દરમિયાન એક્ટિવા મોપેડ પર પસાર થઈ રહેલા શંકાસ્પદ યુવકને અટકાવી તેની તપાસ કરવામાં આવી હતી. પોલીસે મોપેડચાલકની ઓળખ હિતેશ ઉર્ફે સોનુ ઈન્દ્રરાજ મુન્સી યાદવ (ઉંમર ૨૧ વર્ષ, રહે. વિનાયક રેસિડેન્સી, વાપી) તરીકે કરી હતી. તેની પાસે રહેલી ખભા પર લટકાવેલી બેગની તપાસ કરતાં સફેદ પાવડર ભરેલી કોથળી મળી આવી હતી. FSLની મદદથી તપાસ કરાવતાં આ પદાર્થ હાઈબ્રિડ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી ૧.૦૯૧ કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજો, જેની કિંમત રૂ. ૩૮.૧૮ લાખ થાય છે, ઉપરાંત મોપેડ, રૂ. ૨૦,૦૧૦ રોકડા અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩૮.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા હિતેશ યાદવની પૂછપરછ દરમિયાન તેણે સૂરજ નામના શખ્સના કહેવાથી વટારના ચાર્મી કાંટા નજીકથી ગાંજાનો જથ્થો મેળવ્યો હોવાનું અને અન્ય વ્યક્તિને તેની ડિલિવરી આપવા જઈ રહ્યો હોવાનું પોલીસ સમક્ષ જણાવ્યું હતું. આ મામલે પોલીસે હિતેશને વાપી ટાઉન પોલીસને સોંપ્યો છે. પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી ગાંજાનો જથ્થો પૂરો પાડનાર સૂરજ સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં માદક દ્રવ્યોની હેરાફેરીના ૫૫ ગુનાઓ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી હોવા છતાં નશીલા પદાર્થોના નેટવર્કને સંપૂર્ણપણે ડામવાનો પડકાર યથાવત્ છે. હવે આ કેસની તપાસમાં ગાંજાના સપ્લાય નેટવર્ક અને અન્ય સંડોવાયેલા લોકો અંગે વધુ ખુલાસા થવાની શક્યતા છે.

વેપારી પાસેથી રૂ.૫૦ હજાર લૂંટ્યા હતા

છરીની અણીએ મુસાફરોને લૂંટતી ગેંગના ત્રણ સાગરીતો ઝડપાયા

આરોપીઓ પાસેથી રોકડ અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સીએનજી રિક્ષા સહિત કુલ રૂ.૧.૧૯ લાખનો મુદ્દામાલ કબજે

અમદાવાદ, શહેરમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી છરીની અણીએ લૂંટ ચલાવતી ગેંગનો પોલીસે પર્દાફાશ કર્યો છે. રામોલના રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા પાસેથી ભંગારના વેપારીને રિક્ષામાં બેસાડી રૂ.૫૦ હજારની લૂંટ ચલાવવાના ચાર મહિના જૂના ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી રોકડ અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સીએનજી રિક્ષા સહિત કુલ રૂ.૧.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, બાપુનગરના સુંદરમનગર વિસ્તારમાં રહેતા એક ભંગારના વેપારી ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૬:૧૫ વાગ્યે વડોદરા જવા માટે રામોલના રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા પાસે રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન એક સીએનજી રિક્ષા આવી હતી. રિક્ષાચાલકે રૂ.૧૫ ભાડું નક્કી કરીને વેપારીને રિક્ષામાં બેસાડ્યા હતા. થોડે આગળ ગયા બાદ રિક્ષામાં અન્ય એક શખ્સને બેસાડવામાં આવ્યો હતો. ત્યારબાદ રિક્ષાચાલક સહિતના શખ્સોએ વેપારી પાસે રોકડની માગણી કરી હતી. વેપારીએ પૈસા આપવાનો ઇનકાર કરતાં બે શખ્સોએ તેમના હાથ પકડી લીધા હતા અને અન્ય એક શખ્સે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ વેપારીના ખિસ્સામાંથી ધંધાના રૂ.૫૦ હજાર લૂંટી લેવામાં આવ્યા હતા. લૂંટ કર્યા બાદ આરોપીઓ વેપારીને હરભોળાનાથ સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ વેપારી ગભરાઈ ગયા હતા અને બહારગામ જવાનું હોવાથી તે સમયે પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. જોકે, પોલીસે બાતમીના આધારે સીટીએમ ચાર રસ્તા પાસેથી વટવાના ચાર માણિયા વિસ્તારમાં રહેતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ ચાર મહિના બાદ ફરી બીજા શિકારની શોધમાં નીકળ્યા હતા અને તે દરમિયાન પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસની પૂછપરછમાં આરોપીઓએ સુરતના ડીંડોલી વિસ્તારમાં રહેતા અન્ય બે શખ્સો સાથે મળીને લૂંટને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી રોકડ રકમ અને લૂંટમાં વપરાયેલી સીએનજી રિક્ષા સહિત કુલ રૂ.૧.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ આ ગુનામાં સંડોવાયેલા સુરતના બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે. આ ગેંગ દ્વારા અન્ય કોઈ લૂંટના ગુનાઓને અંજામ આપવામાં આવ્યો છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

શામળાજીથી ગુલબાઈ ટેકરા પહોંચાડવાનો હતો જથ્થો

અમદાવાદના એસજી હાઈવે પર દારૂ ભરેલી કાર ઝડપાઈ

અમદાવાદ દિવાળીના તહેવાર પહેલાં અમદાવાદમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. શહેરના એસ.જી. હાઈવે પર સોલા હાઈકોર્ટ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરીને વિદેશી દારૂ અને બિયરની ૧,૮૦૦ બોટલો ભરેલી કાર ઝડપી પાડી છે. પોલીસે કારચાલકની ધરપકડ કરીને દારૂ, કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૧૦.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મળતી માહિતી અનુસાર, સોલા હાઈકોર્ટ પોલીસને એસ.જી. હાઈવે પરથી દારૂની હેરાફેરી થવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે વૈષ્ણોદેવી બ્રિજથી આગળ નીરમા યુનિવર્સિટી સામે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ સફેદ રંગની કારને અટકાવી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરની કુલ ૧,૮૦૦ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ.૪,૫૨,૭૩૬ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસમાં કાર પર બોગસ નંબર પ્લેટ લગાવવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે ડીસાના રહેવાસી ૪૪ વર્ષીય કારચાલક ચેતન માળીની ધરપકડ કરી છે. પોલીસે કારચાલકની ધરપકડ કરીને દારૂ, કાર અને મોબાઈલ સહિત કુલ ૧૦.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. પોલીસની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આરોપીએ જણાવ્યું હતું કે રાણીપના જીતુ રાવળ ઉર્ફે જયઅંબેના કહેવાથી શામળાજી સરહદ પરથી દારૂનો જથ્થો લાવવામાં આવ્યો હતો. આ જથ્થો અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતી સોનલ નામની મહિલાને પહોંચાડવાનો હતો. જોકે, ડિલિવરી થાય તે પહેલાં જ પોલીસને બાતમી મળતાં સમગ્ર હેરાફેરીનો પર્દાફાશ થયો હતો. સોલા હાઈકોર્ટ પોલીસે દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૦,૫૭,૭૩૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે કારચાલક ઉપરાંત દારૂ મંગાવનાર જીતુ રાવળ અને જથ્થો મેળવનાર સોનલ સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. હવે પોલીસ દારૂના સપ્લાય નેટવર્ક અને આ હેરાફેરીમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે અંગે તપાસ કરી રહી છે.

ધોકા-પાઇપના ઘા મારી જતીનને પતાવી દીધો

દારૂની મહેફિલ બાદ મિત્રોએ જ મિત્રને પતાવી દીધો

ચાર દિવસ પહેલાં મળેલી લાશનો ભેદ ઉકેલાયો, નરોડા હત્યા કેસમાં ત્રણ આરોપી જેલભેગા થયા

અમદાવાદ, અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં દારૂની મહેફિલ બાદ મિત્રોએ જ મિત્રની ઘાતકી હત્યા કરી હોવાની ચકચારી ઘટના સામે આવી છે. નરોડાના આંબેડકરનગર પાસે સંવિધાન સર્કલ નજીક પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફૂટપાથ પરથી ચાર દિવસ પહેલાં મળી આવેલી જતીન સોલંકીની લોહીલુહાણ લાશના રહસ્ય પરથી પોલીસે પડદો ઉઠાવ્યો છે. દારૂના નશામાં થયેલી બોલાચાલી અને ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં જતીન પર લાકડાના ધોકા અને લોખંડની પાઇપથી હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં નરોડા પોલીસ અને ઝોન-૪ LCBની ટીમે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ચાર દિવસ પહેલાં વહેલી સવારે આશરે ત્રણ વાગ્યાના અરસામાં નરોડા વિસ્તારમાં સ્થાનિક રહીશોને ફૂટપાથ પર એક યુવક લોહીલુહાણ હાલતમાં પડેલો જોવા મળ્યો હતો. તપાસ કરતાં યુવકનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું હતું. મૃતકની ઓળખ જતીન સોલંકી તરીકે થઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકના ભાઈ ભાવેશ સોલંકીની ફરિયાદના આધારે નરોડા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. હત્યાનો ભેદ ઉકેલવા નરોડા પોલીસ અને ઝોન-૪ LCBની ટીમો તપાસમાં જોડાઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે ઘટનાની રાત્રે નરોડા વિસ્તારના ચારથી પાંચ શખ્સોએ સાથે મળીને દારૂની મહેફિલ માણી હતી. દરમિયાન દારૂના નશામાં કોઈ બાબતે તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં સામાન્ય ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું અને જતીન સોલંકી પર લાકડાના ધોકા તથા લોખંડની પાઇપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે જતીનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે ટેકનિકલ તપાસ અને અન્ય કડીઓના આધારે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેમાં મયંક અરવિંદભાઈ સોલંકી, રોહન દિનેશભાઈ સોલંકી અને રશ્મીકાંત ઉર્ફે જેણીયો મહેન્દ્રભાઈ મકવાણાનો સમાવેશ થાય છે. હત્યા બાદ આરોપીઓ અલગ-અલગ દિશામાં ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસની તપાસમાં તેમની સંડોવણી સામે આવતાં ત્રણેયને ઝડપી લેવામાં આવ્યા હતા. આ કેસમાં વધુ એક ચોંકાવનારી વિગતો સામે આવી છે. પકડાયેલા ત્રણ આરોપીઓ પૈકી એક આરોપી બુટલેગર હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. હાલ નરોડા પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને હત્યા પાછળનું ચોક્કસ કારણ, અન્ય સંડોવાયેલા શખ્સોની ભૂમિકા અને ઘટનામાં વપરાયેલાં હથિયારો અંગે વધુ તપાસ હાથ ધરી છે. દારૂની મહેફિલમાં સાથે બેઠેલા મિત્રોની વચ્ચે થયેલા ઝઘડાનો અંત હત્યામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

નશાની લતએ બનાવ્યા ડ્રગ્સ પેડલર

અમદાવાદમાં ત્રણ મિત્રોના હાઈબ્રિડ ગાંજાના કાળા કારોબારનો પર્દાફાશ

રાજસ્થાનથી ગાંજો લાવી કૃષ્ણનગર સહિત આસપાસના વિસ્તારોમાં કરતા હતા છૂટક વેચાણ; સાત મહિનાથી ચાલતું નેટવર્ક ઝડપાયું

અમદાવાદ, અમદાવાદ શહેરમાં હાઈબ્રિડ ગાંજાના ગેરકાયદે કારોબારનો કૃષ્ણનગર પોલીસે પર્દાફાશ કર્યો છે. નશાની લતના રવાડે ચઢેલા ત્રણ મિત્રોએ પોતાનો નશો પૂરો કરવા સાથે ગાંજાના વેચાણનો ધંધો શરૂ કર્યો હોવાનો ખુલાસો થયો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન ત્રણેય આરોપીઓ ઝડપાયા છે અને તેમની પાસેથી રૂ. ૧.૯૦ લાખની કિંમતનો ૫૪.૧૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં છેલ્લા સાત મહિનાથી આ ગેરકાયદે કારોબાર ચાલતો હોવાની વિગતો સામે આવી છે.

કૃષ્ણનગર પોલીસને બાતમી મળી હતી કે સંદીપકુમાર વર્મા નામનો શખ્સ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો રાખીને તેનું વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સંદીપ વર્માને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ અને તપાસ દરમિયાન પ્રદીપ રાજપૂત તથા બંટી મીરચંદાનીનાં નામ સામે આવ્યાં હતાં. પોલીસે બંનેની તપાસ કરતાં બંટીના ઘરેથી પણ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંટી મીરચંદાની આશરે દસ દિવસ પહેલાં રાજસ્થાનથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો અમદાવાદ લાવ્યો હતો. ત્યારબાદ કૃષ્ણનગર અને આસપાસના વિસ્તારોમાં તેનું છૂટક વેચાણ કરવામાં આવતું હતું. ત્રણેય આરોપીઓ એકબીજાના મિત્રો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આ કેસમાં ચોંકાવનારી બાબત એ છે કે ત્રણેય આરોપીઓ પોતે પણ હાઈબ્રિડ ગાંજાનું સેવન કરતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. નશાની લતને કારણે તેઓ ગાંજાનો જથ્થો પોતાના ઉપયોગ માટે રાખવાની સાથે અન્ય લોકોને પણ વેચતા હતા. આ રીતે નશાની લતમાંથી શરૂ થયેલો કારોબાર ધીમે ધીમે ગેરકાયદે વેચાણના નેટવર્કમાં ફેરવાયો હતો.

કૃષ્ણનગર પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી રૂ. ૧.૯૦ લાખની કિંમતનો ૫૪.૧૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો કબજે કર્યો છે. છેલ્લા સાત મહિનાથી આ રીતે ગાંજાની હેરાફેરી થતી હોવાની વિગતોને પગલે પોલીસ હવે રાજસ્થાનથી ગાંજો પહોંચાડતા સપ્લાયરોની તપાસ કરી રહી છે. આ ઉપરાંત અમદાવાદમાં અન્ય કોઈ ડ્રગ્સ સપ્લાયર કે વેચાણકર્તાઓ આ નેટવર્ક સાથે સંકળાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં છેલ્લા સાત મહિનાથી આ ગેરકાયદે કારોબાર ચાલતો હોવાની વિગતો સામે આવી છે.

બોડેલીમાં રૂ.૧૦.૩૫ લાખની મત્તા ચોરાઈ

બોડેલીમાં તસ્કરો બેફામ, એક રાતમાં પાંચ સ્થળે તાળાં તોડ્યાં

બોડેલી, છોટાઉદેપુર જિલ્લાના બોડેલી શહેરમાં બુકાનીધારી તસ્કરોની ટોળકીએ એક જ રાતમાં પાંચ સ્થળોએ તાળાં તોડી ચોરીની ઘટનાઓને અંજામ આપતાં ભારે ચકચાર મચી ગઈ છે. તસ્કરોએ બંધ મકાનો અને દુકાનોને નિશાન બનાવી બે સ્થળોએ ચોરી કરી હતી. જેમાં દેવીનગર સોસાયટીના એક મકાનમાંથી અંદાજે રૂ.૧૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરવામાં આવી હતી. જ્યારે શાકમાર્કેટ વિસ્તારમાં આવેલી એક દુકાનમાંથી રૂ.૩૫ હજારની રોકડ રકમ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થતાં પોલીસે ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મળતી માહિતી મુજબ, બોડેલીના દેવીનગર સોસાયટી અને રવિશંકર રોડ પર આવેલા શાકમાર્કેટ વિસ્તારમાં રાત્રિના સમયે બુકાનીધારી તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ આયોજનબદ્ધ રીતે બંધ મકાનો અને દુકાનોને નિશાન બનાવી એક પછી એક પાંચ સ્થળોએ તાળાં તોડ્યાં હતાં. તસ્કરોની આ હરકતથી સ્થાનિક રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. દેવીનગર સોસાયટીમાં આવેલા એક મકાનમાં તસ્કરોએ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત અંદાજે રૂ.૧૦ લાખની મત્તા ચોરી કરી હતી. આ ઉપરાંત રવિશંકર રોડ પરના શાકમાર્કેટ વિસ્તારમાં આવેલી એક દુકાનને નિશાન બનાવી તેમાંથી રૂ.૩૫ હજારની રોકડ રકમની ચોરી કરવામાં આવી હતી. આમ, પાંચ સ્થળોએ તાળાં તોડવામાં આવ્યાં હતાં, જેમાં બે સ્થળોએ તસ્કરોને ચોરી કરવામાં સફળતા મળી હતી. જ્યારે અન્ય ત્રણ સ્થળોએથી કોઈ કિંમતી સામાન હાથ લાગ્યો નહોતો. ચોરીની ઘટનાઓની જાણ થતાં પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી હતી. આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવામાં આવતાં બુકાનીધારી શંકાસ્પદ તસ્કરોની હિલચાલ કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ કરી તેમને ઝડપી પાડવા માટે તપાસ તેજ કરવામાં આવી છે. એક જ રાતમાં શહેરનાં પાંચ સ્થળોએ તાળાં તૂટવાની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ચિંતાનો માહોલ છે.

આરોપી ફૈઝલને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદ

ભાવનગરના કાજલ બારૈયા હત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો

ભાવનગરના એસટી બસ સ્ટેન્ડ ખાતે કાજલ બારૈયા પર આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકીએ જીવલેણ હુમલો કર્યો હતો

ભાવનગર, ભાવનગરમાં સમગ્ર ગુજરાતને હચમચાવી દેનારા કાજલ બારૈયા હત્યા કેસમાં અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. જાહેરમાં એસટી બસ સ્ટેન્ડ ખાતે કાજલ બારૈયાની ઘાતકી હત્યા કરનાર મુખ્ય આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકી લાખાણીને કોર્ટે દોષિત ઠેરવીને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારી છે. ઘટનાના માત્ર ૬૨ દિવસમાં જ કેસનો ચુકાદો આવતા આ મામલો ફરી ચર્ચામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગત ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ભાવનગરના એસટી બસ સ્ટેન્ડ ખાતે કાજલ બારૈયા પર આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકીએ જીવલેણ હુમલો કર્યો હતો. બંને લાંબા સમયથી મૈત્રી કરારમાં સાથે રહેતા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. ઘટનાના દિવસે આરોપીએ કાજલ પર આશરે સાત મિનિટ સુધી જીવલેણ હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના બસ સ્ટેન્ડ પર લાગેલા ઝઝૂફ કેમેરામાં કેદ થઈ હતી. જાહેર સ્થળે બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. હત્યા બાદ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરીને આરોપી ફૈઝલની ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે એક મહિનાની અંદર ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની ઝડપી સુનાવણી બાદ ઘટનાના માત્ર ૬૨ દિવસમાં અદાલતે આરોપીને દોષિત ઠેરવીને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા સંભળાવી છે. આ કેસમાં ઝડપી તપાસ અને કાયદાકીય કાર્યવાહી કરવા બદલ કોંગ્રેસનાં સાંસદ ગેનીબેન ઠાકોરે ભાવનગર પોલીસ તથા PI ડી.પી. ઉનડકટની કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે કાજલ બારૈયાની હત્યાની ઘટનાને હૃદયદ્રાવક ગણાવી હતી અને આરોપી સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માગ કરી હતી. કોર્ટના આ ચુકાદા સાથે જ કાજલ બારૈયા હત્યા કેસમાં ન્યાયિક કાર્યવાહીનો મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. જાહેર સ્થળે બનેલી આ ઘટનાએ મહિલાઓની સુરક્ષા અને આવા ગંભીર ગુનાઓ સામે ઝડપી ન્યાયિક કાર્યવાહી અંગે ફરી ચર્ચા જગાવી છે. ભાવનગરમાં સમગ્ર ગુજરાતને હચમચાવી દેનારા કાજલ બારૈયા હત્યા કેસમાં અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે.